GJSK180009192024

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ થયા તા. | ૦૬/૦૭/૨૦૨૪ | | |
| કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૦૬/૦૭/૨૦૨૪ | | |
| કેસ ફેસલ કર્યા તા. | ૦૨/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૯ | ૨૬ |
| આંક–૫૯ | | | |

**ફોર્મ–એ**

**ઇડરના મે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં,મુ.ઇડર**
**(સેસન્સ કેસ નંબર–૩૯/૨૦૨૪)**
**(ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.ર.નં.૧૧૨૦૯૦૦૩૨૪૦૧૨૬/૨૦૨૪)**

| | |
|---|---|
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત<br>ફરીયાદીનુ નામ: મીરખાનભાઇ અણદાભાઇ ગમાર |
| ફરીયાદી તર્ફે<br>વિ.એડી.પી.પી.શ્રી | એન.એન.બારોટ |
| આરોપી | નાગજીભાઇ અણદાભાઇ ગમાર, ઉ.વ.૪૫ રહે.નાડા (બુજરા ફળો) તા.પોશીના, જી.સાબરકાંઠા |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | એમ.એન.દોશી |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૦/૦૩/૨૦૨૪ |
| એફ.આઇ.આર ની તારીખ | ૨૨/૦૩/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૦૬/૨૦૨૪<br>(ફો.કે.નં.૫૫૪/૨૦૨૪) |
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૫ |
| પુરાવો લેવાનો શરૂ કર્યાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૫ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૨/૦૫/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

## આરોપીની વિગતો

| આરોપી ની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો.કોડ ની સે.૪૨૮ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાગજીભાઇ અણદાભાઇ ગમાર | ૨૩/૦૩/ ૨૪ | યુ.ટી.પી. | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૦૨,૩૩૭ તથા જી.પી.એકટ. કલમ૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |

## :: ઠરાવ ::

(હાલનો કેસ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ હિંમતનગરના ઓફિસ ઓર્ડર નંબર ૫૭૪/૨૦૨૪ તારીખ ૨૬/૧૧/૨૦૨૪ અન્વયે બીજા એડિ.ડિસ્ટ્રીકટ કોર્ટ, ઈડરથી અત્રેની ત્રીજા એડિ.ડિસ્ટ્રીકટ કોર્ટ, ઈડર ખાતે તબદીલ થઈને આવેલ અને પ્રથમ સુનવણી તારીખ: ૦૫/૧૨/૨૦૨૪ રોજ મુકર્રર કરવામાં આવેલ હતી અને સદર કેસ ડી.ઇ. માટે મુલતવી હતો.)

**આરોપીઓ વિરુધ્ધનું તહોમત:**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ફરિયાદી એ ઇડર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી રૂબરૂ આપેલ ફરિયાદના આધારે ઉપરોકત ગુના રજીસ્ટર્ડ નંબર થી ઈ.પી.કો. કલમ – ૩૦૨, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા નોંધાયેલ.

**ફરિયાદની વિગત :**

(૨) ફરિયાદી ફરિયાદના મથાળે જણાવેલ સરનામે રહે છે. તારીખ ૨૦/૦૩/૨૦૨૪ ના રોજ સાંજના આશરે સાતેક વાગ્યાના સુમારે ફરીયાદી તેના ઘરે હાજર હતા. તે વખતે તેના મોટાભાઇ

નાગજીભાઇ તેના પિતાજી અણદાભાઇ હોનાભાઇ ગમાર નાઓના ઘર આગળ ઉભા રહી કહેતા હતા કે મારા ઘઉંના વાવેતરવાળા ખેતરમા મારા ઘઉ બળે છે અને તમો કેમ મને વારા પ્રમાણે બોરનુ પાણી આપતા નથી તેમ કહી જોર જોરથી મારા પિતાજી સાથે બોલાચાલી કરતા હોઇ, જે બોલાચાલીનો અવાજ તેણે તેના ઘરેથી સાંભળતા હોઇ જેથી તેણે તેના પિતાજીના ઘર બાજુ જતા જોયેલ તો આ નાગજીભાઇ તેના પિતાજી સાથે બોલાચાલી કરી ઝગડો તકરાર કરતા હોઇ, જેથી નાગજીભાઇના પત્ની વર્ષાબેન તથા તેમનો દિકરો વિનોદભાઇ તથા તેમના પુત્ર વધુ ડીબાબેન નાઓ આ અવાજ સાંભળી તેમના પિતાના ઘરે દોડી આવેલ. ત્યારબાદ આ નાગજીભાઇને સમજાવી તેમના ઘરે પરત લઇ ગયેલ. ત્યારબાદ તેઓ તેમના ઘરે પરત જતા રહેલ અને તેમના ઘર આગળ ઉભા રહી આ નાગજીભાઇને કહેતા હતા કે તું શું કામ કારણ વગર ખોટો મારી સાથે ઝગડો કરે છે. તેમ કહેતા તે વખતે આ નાગજીભાઇનાઓ ફરીથી જોર જોરથી બોલતા બોલતા પોતાના ઘરેથી દોડીને પાછા તેના પિતાજીના ઘર નજીક આવેલ તે વખતે તેના ઘરની વાડની અંદર ઉભા હતા તે વખતે તેમણે જોયેલ તો આ નાગજીભાઇ નાઓએ તેમના હાથમાંના છુટા પથ્થરો મારા પિતાજીને પેટ તથા છાતીના ભાગે મારતા મારા પિતાજી જમીન ઉપર ઢળી પડેલા. તે વખતે નાગજીભાઇનાઓ તેના પિતાજી પાસે આવી તેમને ઢળી પડેલ હાલતમાં ગડદાપાટુનો માર મારવા લાગેલ હોઇ જેથી તેના પિતાજી બુમાબુમ કરતા તેઓ તથા તેમનો નાનો ભાઇ રાકેશભાઇ તથા તેની માતા તારીબેનનાઓ દોડી આવી તેના પિતાજીને વધુ માર માથી છોડાવેલ. તેના ભાઇ નાગજીભાઇ ને તેઓ ત્રણેય જણાએ સમજાવી પરત તેમના ઘરે મોકલેલ. ત્યારબાદ તેમના પિતાજીને જમીન ઉપરથી ઉભા કરી ઘરે લઇ જઇ ખાટલામા સુવાડેલ. તેમના પિતાજીને પથ્થર વાગવાથી

અને ગડદાપાટુનો મારના લીધે દુખાવો થતો હોઇ બીજા દિવસે તારીખ ૨૧/૩/૨૪ ના રોજ સવારના આશરે સાતેક વાગ્યાના સુમારે તેમના પિતાજીને ફરીવાર શરીરે દુખાવો ઉપડતા તેઓ અને તેમના ભાઇ વનરાજભાઇ મોટર સાયકલ ઉપર બેસાડી લાંબડીયા ખાતે સરકારી હોસ્પીટલમા સારવાર કરાવવા સારુ લઇ ગયેલ અને ત્યાં હાજર ડો.સાહેબનાએ તેના પિતાજીની પ્રાથમીક સારવાર કરી વધુ સારવાર સારુ ખેડબ્રહમા ખાતે રીફર કરેલ અને ત્યારબાદ તેના પિતાજીની તબીયત તેમને સામાન્ય લાગતા ઘરે લઇ આવેલ અને ત્યારબાદ સવારના પાંચેક વાગ્યાના સુમારે તેમના પિતાજીની તબીયત બગડતા તેઓ અને તેમનો ભાઇ વનરાજ અને નાનોભાઇ રાકેશભાઇ નાઓ તેમના પિતાજીને સારવાર સારુ ઘરેથી ઉંચકીને લઇ જતા હતા તે દરમ્યાન ડામર રોડ નજીક પહોંચતા તેના પિતાજી બોલતા ન હોઇ મરણ પામેલ હોઇ, જેથી તેઓ પરત તેમના ઘરે લઇ આવી આ બનાવની ખેરોજ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા ખેરોજ પોલીસ આવતા તેના પિતાજીને લાંબડીયા સીવીલ હોસ્પીટલ ખાતે પી.એમ. કરાવવા સારુ લઇ ગયેલ હતા અને પી.એમ. કરતા તેમના પિતાનુ બરોળ અને લીવરમા ગંભીર ઇજાઓ થવાના કારણે મોત થયેલ હોવાનુ જણાવેલ. જે બાબતની ફરીયાદ ફરીયાદીએ ખેરોજ પોલીસ સ્ટેશનના પો.ઇ. રુબરુ નોંધાવેલ છે.

**<u>પોલીસ તપાસ અને ચાર્જશીટ:</u>**

(૩) ફરિયાદીએ ઉપરોકત ફરિયાદ હકીકત જાહેર કરતાં, સદરહું ફરિયાદ ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.ર.નં. ૧૧૨૦૯૦૦ ૩૨૪૦૧૨૬/૨૦૨૪ થી આરોપી વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ– ૩૦૨, ૩૩૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ અને તપાસનીશ અધિકારી દ્વારા તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોશીનાના જયુડી.

મેજી. ફ. ક. શ્રીની કોર્ટમાં ક્રિ.પ્રો.કોડ કલમ-૧૭૩ મુજબ આખરી રીપોર્ટ કરેલો.

**<u>કેસ કમિટલ પ્રોસીડીંગ્સ:</u>**

(૪) પોશીનાના વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રીએ આ ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોઈ, આરોપીને તપાસના કાગળોની નકલો પુરી પાડી, તેઓના બચાવ માટે વકીલ રોકેલ છે કે કેમ તે અંગે ખાતરી કર્યા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૨૦૯ મુજબ સદરહું કેસ કમીટ કરી અત્રેની સેશન્સ કોર્ટમાં મોકલી આપેલો.

**<u>કેસની સેશન્સ કોર્ટ સમક્ષની કાર્યવાહી:</u>**

(૫) આરોપીએ સ્વખર્ચે વકીલ રોકેલ હોઈ, આરોપીને તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરી, તેઓને બચાવ કરવાની તક પુરી પાડયા બાદ આરોપી વિરૂધ્ધ આંક-૪ થી તહોમતનામું ફરમાવેલ, જે આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીનું આંક-પ થી નિવેદન નોંધતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા સારુ જરુરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

**<u>ફોર્મ-સી</u>**

(૬) આ કામે ફરિયાદપક્ષે આંક-૦૪ થી રજુ તહોમતનામા મુજબના ગુનાની હકીકતો પુરવાર કરવા માટે નીચે પ્રમાણેનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **<u>ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવા :-</u>**

| અ.નં. | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| **<u>મુખ્ય સાહેદો</u>** | | | | |
| ૧ | ૩ | ૧૮ | મીરખાનભાઇ અણદાભાઇ ગમાર | ફરિયાદી |
| ૨ | ૪ | ૨૦ | તારીબેન અણદાભાઇ ગમાર | સાહેદ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૧૦ | ૩૪ | રાકેશભાઇ અણદાભાઇ ગમાર | સાહેદ |
| **તબીબ સાહેદો** | | | | |
| ૪ | ૧ | ૬ | ડો.સારીકા ગૌતમભાઇ અધિકારી | ઇજાપામનારની સારવાર કરનાર તબીબ |
| ૫ | ૨ | ૧૦ | ડો.ચિરાગ દિલીપકુમાર ભાટીયા | પી.એમ.કરનાર |
| **પંચ સાહેદો** | | | | |
| ૬ | ૫ | ૨૧ | ધર્માભાઇ ભામાભાઇ ગમાર | પંચ સાહેદ |
| ૭ | ૬ | ૨૩ | બાલીયાભાઇ ગોપીભાઇ ગમાર | પંચ સાહેદ |
| ૮ | ૭ | ૨૪ | લલ્લુભાઇ કસ્નાભાઇ ગમાર | પંચ સાહેદ |
| ૯ | ૮ | ૨૮ | બાબુભાઇ રામજીભાઇ ગમાર | પંચ સાહેદ |
| ૧૦ | ૯ | ૩૨ | રાજુભાઇ ભુરાભાઇ ગમાર | પંચ સાહેદ |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૧૧ | ૧૧ | ૩૬ | કિરણકુમાર બાબુભાઇ ખાંટ | ત.ક.અમલદાર |

## (એ) <u>ફરિયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :-</u>

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | અણદાભાઇનો ઓપીડી કેસ નં.૧૬૩૮/૨૪ |
| ૨ | ૮ | અણદાભાઇનું એમ.એલ.સી. નં.૭૭/૨૪ |
| ૩ | ૯ | સારવાર સર્ટી. મેળવવાની યાદી |
| ૪ | ૧૧ | પી.એમ.નોટ |
| ૫ | ૧૨ | મરણોતર રીપોર્ટ |
| ૬ | ૧૩ | પી.એમ.નોટ અને કોઝ ઓફ ડેથનુ સર્ટી આપવાની યાદી |
| ૭ | ૧૪ | કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટ |
| ૮ | ૧૯ | ફરીયાદ |
| ૯ | ૨૨ | ઇન્કવેસ્ટ પંચનામુ |

| | | |
|---|---|---|
| ૧૦ | ૨૫ | મરણજનારના લાશ ઉપરના કપડા કબજે કર્યાનુ પંચનામુ |
| ૧૧ | ૨૬, ૨૭ | પંચ સ્લીપો |
| ૧૨ | ૨૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૩ | ૩૦, ૩૧ | પંચ સ્લીપો |
| ૧૪ | ૩૭ | સુચીપત્ર |
| ૧૫ | ૩૮ | ઈન્કવેસ્ટ ભરવા બાબતેની યાદી |
| ૧૬ | ૩૯ | લાશ સોપ્યાની પાવતી |
| ૧૭ | ૪૧ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા બાબતેની યાદી |
| ૧૮ | ૪૨ | યાદી આધારે નકશો તૈયાર કરેલ તે |
| ૧૯ | ૪૩ થી ૪૫ | મુદામાલ રવાનગી નોંધ |
| ૨૦ | ૪૬, ૪૭ | મુદામાલ મળ્યાની પહોચો |
| ૨૧ | ૪૮ | એફ.એસ.એલ.નો ઝેર શાસ્ત્ર વિભાગનો પત્ર તથા અહેવાલ |
| ૨૨ | ૪૯ | એફ.એસ.એલ.નો બાયોલોજી, સીરોલોજી વિભાગનો પત્ર તથા અહેવાલ |
| ૨૩ | ૫૦ | હથિયારબંધીનુ જાહેરનામુ |
| ૨૪ | ૫૧ | સ્ટેશન ડાયરીની નકલ |
| ૨૫ | ૫૪ | ટેલીફોન વર્ધી |

➢ **<u>આરોપીનું વિશેષ નિવેદન :-</u>**

(૭) ઉપરોકત સાક્ષીઓનો પુરાવો રજુ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી તરફથી આંક-૫૫ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે તેમજ તેઓ તરફે વધુ કોઈ સાક્ષી પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓની વિરુધ્ધના ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી તેમજ બચાવના સાહેદો તપાસેલ નથી અને વિશેષમાં જણાવેલ છે કે, ઘઉ બળતા હોઈ પાણી લેવા ઝગડો કરેલાનુ ઉભુ કરેલ છે. હકીકતે પિતાજીને નશો કરવાની વર્ષો

થી આદત હોઈ સારવાર ચાલતી હતી અને લીવર બગડી ગયેલ હતુ જેથી લીવરની બીમારીના લીધે પડી જવાથી ઘરની ચોપાડમા પથરાળ જમીન પર પડવાથી વાગેલ છે અને મે કોઇ ગડદાપાટુનો માર મારેલ નથી કે પથ્થર મારેલ નથી. વધુમા પોતાના નિવેદન સાથે લેખીત નિવેદન રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે.

**<u>પક્ષકારોની મૌખિક દલીલોઃ</u>**

(૮) **ફરિયાદપક્ષની દલીલ :**

ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એન.એન. બારોટ ની મુખ્ય રજુઆત છે કે, આ કામના આરોપી વિરુધ્ધ આંક-૪ થી તહોમતનામુ ફરમાવેલ છે અને આરોપીએ મરણજનારને છુટા પથ્થરો તેમજ ગડદાપાટુનો માર મારી મરણ જનારને ઈજાઓ કરેલ હોઈ તેના કારણે મરણ પામેલ છે.

(૮.૧) વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે સાહેદ નં.૧ તબીબ સાહેદ સારીકા ગૌતમભાઈ અધિકારીને આંક-૬ થી તપાસેલ છે અને તેઓ સમક્ષની ઈજાની હીસ્ટ્રીમા દર્દીને પથ્થર વડે તેમના પુત્ર એ પેટ ઉપર અને છાતી ઉપર અને આખા શરીરે મારેલ હોવાનુ જણાવેલ છે અને સદર તબીબ સાહેદ ધ્વારા સારવાર કરી ઈજાની સારવારનુ પ્રમાણપત્ર આપેલ છે અને તેમના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતો પુરવાર થાય છે.

(૮.૨) વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે સાહેદ નં.ર તબીબ ચિરાગ દીલીપકુમાર ભાટીયાને આંક-૧૦ થી તપાસેલ છે અને તેઓએ મરણજનારનુ પી.એમ. કરેલ છે અને મરણજનારનુ મૃત્યુ તબીબ સાહેદના અભિપ્રાય મુજબ લીવર અને બરોળમા થયેલ ઈજાઓને કારણે વધુ લોહી વહી જવાના કારણે થયેલ હોવાનુ જણાવેલ છે અને એફ.એસ.એલ.ના રીપોર્ટમા પણ મૃત્યુનુ અંતિમ કારણ લીવર અને બરોળમા થયેલ ઈજાઓનુ જણાવેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરે છે.

(૮.૩) વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદી મીરખાનભાઇ અણદાભાઇ ગમારને આંક–૧૮ થી તપાસેલ છે અને તેઓએ ફરીયાદની હકીકતને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપીએ મરણજનારને પેટના ભાગે છુટા પથ્થર મારેલ હોવાનુ જણાવી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ છે.તેવી જ રીતે સાહેદ તારીબેન અણદાભાઇ ગમારને આંક–૨૦ થી તપાસેલ છે તેઓએ પણ નાગજીએ મારા ઘરવાળાને પેટના ભાગે તથા છાતીના ભાગે બે પથ્થર મારેલા અને ગડદાપાટુનો માર મારેલો હોવાનુ અને ઈજાની સારવાર કરાવેલ હોવાનુ અને બીજા દિવસે દવાખાને લઇ જતા મરણ ગયેલા હોવાનુ જણાવી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે.

(૮.૪) વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, પંચ સાહેદ ધર્માભાઇ અને બાલીયાભાઇએ અણદાભાઇની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ તેમના રુબરુ કરેલ હોવાનુ જણાવી પંચનામામા તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે જેથી પંચનામાની હકીકતો પુરવાર થાય છે.

(૮.૫) વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, તેવી જ રીતે સાહેદ લલ્લુભાઇ કસ્નાભાઇ ગમારને આંક–૨૪ થી તપાસેલા છે તેઓએ મરણજનારની લાશ ઉપરના કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે અને પંચનામા અને પંચ સ્લીપોમા તેમની પંચ તરીકેની સહી ઓળખી બતાવેલ છે અને પંચનામુ પુરવાર થયેલ છે.

(૮.૬) વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, સાહેદ નં.૧૦ રાકેશભાઇ અણદાભાઇ ગમારે તેમના આંક–૩૪ ના પુરાવામા આરોપીએ મરણજનાર ને પેટ ઉપર બે પથ્થર મારેલા હોવાની અને સારવાર માટે લાબડીયા લઇ ગયેલ હોવાની અને ખેડબ્રહમા લઇ જતા મરણ ગયેલ હોવાની હકીકત જણાવી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે.

(૮.૭) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ કીરણકુમારને આંક–૩૬ થી તપાસેલા છે. તેઓએ ફરીયાદીની ફરીયાદ તેના લખાવ્યા મુજબ લખી લીધેલ છે અને પંચો રુબરુ પંચનામાઓ કરેલા છે અને સાહેદોના નિવેદનો લીધેલા છે અને તપાસની કામગીરીને સમર્થનકારી પુરાવો આપેલ છે. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આરોપી વિરુધ્ધના ગુનાની હકીકતો નિ:શકપણે પુરવાર થતી હોય, આરોપીને કાયદામા ઠરાવેલ મહતમ સજા ફરમાવવા રજુઆત કરેલ છે.

(બ) <u>**બચાવપક્ષની દલીલ :**</u>

(૯) આરોપી પક્ષે તેઓના વિ.વ. શ્રીએ આંક–૫૬ થી લેખીત દલીલો રજુ કરેલ છે તે લેખીત દલીલોમા તપાસવામા આવેલા સાહેદો અને દસ્તાવેજી પુરાવાની હકીકતો ટાંકેલ છે તેમજ તેમની દલીલોના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે. જે લેખિત દલીલ અને ચુકાદાઓ હવે પછી પુરાવાના મુલ્યાંકન વખતે યથાપ્રસંગે ચર્ચા કરવામાં આવેલ હોઈ, અત્રે પુનરાવર્તન ટાળવાના એક માત્ર ન્યાયિક આશયે ચર્ચા કરેલ નથી. આરોપી તરફે રજુ થયેલ ચુકાદાઓ નીચે મુજબ છે.

1. Sujit Biswas V/s. State of Assam decided on 28 May, 2013 in Criminal appeal No. 1323 of 2011 (Supreme Court)
2. Khambam Raja Reddy & Anr V/s. Public Prosecutor, High Court of Andhra Pradesh reported in 2006(7) Supreme - 333.
3. Shankarlal V/s. State of Rajasthan reported in 2004(6) SRJ 238.
4. Rajveen and another V/s. State of Kerala reported in 2003 Cri.LJ - 1572.
5. Mathura Yadav @ Mathura Mahato & Ors V/s. Sate of Bihar reported in 2002 (8) SRJ 432.
6. Pandit Ramprakash sharma V/s. Khairati Lal & Anr. reported in 1998 (1) Supreme - 209.
7. State of Gujarat V/s. Patel Mohan Mulji and another reported in 1994 CriLJ - 280.
8. Peddireddy Subbareddi and another V/s. State of Andhra Pradesh reported in 1991 Cri.LJ - 1392.

9. Hadu Hati V/s. State reported in 2015 Cr.LJ - 4383 (Orissa High Court).

**કેસના ન્યાયિક નિર્ણય અર્થેના મુદ્દા અને તેનો જવાબ :**

**(૧૦)** ઉપરોકત વિગતે મારી સમક્ષ રજુ થયેલ ઉપરોકત સાક્ષી પુરાવાની વિગતોના આધારે સદરહું કેસના ન્યાયિક નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, મરણજનાર અણદાભાઈ હોનાભાઈ ગમારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે ?

(૨) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ : ૨૦/૦૩/૨૪ ના રોજ મરણજનાર અણદાભાઈ હોનાભાઈ ગમારનાઓ તેમના ઘરે હાજર હોય તે વખતે આરોપીએ પોતાના ઘંઉના વાવેતર વાળા ખેતરમા ઘઉ બળતા (સુકાતા) હોય બોરનુ પાણી વારા પ્રમાણે કેમ નથી આપતા તેમ કહી મરણજનારને છુટા પથ્થરો તથા ગડદાપાટુનો માર મારી મરણજનારને શરીરે ઈજાઓ કરેલ હોઈ મરણજનાર ઘર ગથ્થુ ઉપચાર કરી બીજા દિવસે તારીખ : ૨૧/૦૩/૨૪ ના રોજ મરણજનારને લાંબાડીયા હોસ્પીટલે સારવાર કરાવી તબીયત સામાન્ય લાગતા ફરીયાદી મીરખાનભાઈ અણદાભાઈ ગમાર અને વનરાજભાઈ અણદાભાઈ ગમાર તેઓને પોતાના ઘરે લઈ ગયેલા અને ત્યારબાદ તા.૨૨/૦૩/૨૪ ના રોજ મરણજનાર ની તબીયત વધુ બગડતા સારવાર કરાવવા સારુ ફરીયાદી અને રાકેશભાઈ, વનરાજભાઈ ઉચકીને લઈ જતા રસ્તામા મરણ ગયેલ અને આ રીતે આરોપીએ મરણજનાર અણદાભાઈ હોનાભાઈ ગમારનુ મોત નિપજાવી ભારતીય દંડ સહિતાની કલમ−૩૦૨, ૩૩૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કર્યા છે ?

(૩) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે, સ્થળે

અને તારીખે આ કામના આરોપીએ જીલ્લા મેજી.શ્રી ના હથિયાર બંધીના ચાલતા જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ?

(૪) શું હુકમ ?

**(૧૧)** આ કામે રજુ થયેલા પુરાવા તથા પક્ષકારોના વિધવાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબ નિર્ણય આપવામા આવેલા છે.

**:: નિ ર્ણ યો ::**

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) આખરી હુકમ મુજબ.

➢ **<u>પુરાવાનુ મુલ્યાંકન:</u>**

**(૧૨)** ફરીયાદપક્ષના પુરાવાનુ મુલ્યાકન કરતા પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે,ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનુ અનુમાન છે. સાથે સાથે એક એવુ પણ અનુમાન છે કે, જે સાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શીકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શીકા નથી, પરંતુ, દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવાનુ રહે છે.

**નામદાર સુપ્રિમકોર્ટે લાલબહાદુર વિ.સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી,૨૦૧૩(૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭ તેમજ ભરવાડ**

**ભોગીનભાઇ હિરજીભાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩(૩) એસ.સી. સી. પાન નં. ૨૧૭ વાળા** ચુકાદાથી પુરાવાના મુલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજીક મોભો, સામાજીક પરિસ્થીતી, બૌધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઇ તેના પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરીક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એક જ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે શબ્દ:સહ પુન: ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે, શબ્દ:સહ પુન: ઉચ્ચારણ કોઈ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેય સામાન્ય વિરોધાભાસ પુરાવામાં મળતો હોય છે. પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ કેસને અસર કરતા ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે, પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય, ત્યારે અદાલતે તે ધ્યાને લેવાના હોય છે તેમજ ક્રિમીનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનું જ હિત જોવાનું નથી. પરંતુ ગુનામા ભોગબનનાર અને સમાજનુ હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે.પરંતુ, ગુનામાં ભોગ બનનાર અને સમાજનુ હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહિ તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે,દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ,નિર્દોષ માણસને

ગુનેગાર ઠરાવી શકાય નહિ તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષીત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિતને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રીમકોર્ટ **અંબિકા પ્રસાદ વિ.સ્ટેટ(દિલ્હી) રીપોર્ટેડ ઈન ૨૦૦૦(એસ.સી.સી) પાન નં.૬૪૬ થી** પ્રતિપાદીત કરેલ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનીય અને નિ:શંક પુરાવા રજુ કરવાના હોય છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી. પરંતુ, ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનીય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષી ઠરાવી શકાય છે. જયારે નિ:શંક પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ન હોય ત્યારે તેમજ રજુ થયેલ પુરાવામાંથી બે પ્રકારની સંભાવના ઉદભવતી હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે અને તે મુજબ આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને કરવામાં આવેલું છે.

**<u>ફરીયાદપક્ષે પુરવાર કરવાની આવશ્યક હકીકત:</u>**

આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબ આ કામના આરોપીએ મરણજનાર અણદાભાઈ હોનાભાઈ ગમારને પેટ ઉપર તેમજ છાતીના ભાગે પથ્થર મારી ઈજાઓ એવા જ્ઞાન અને ઈરાદા સાથે પહોચાડેલ છે કે તે ઈજાઓથી મરણજનારનુ મોત નિપજશેજ.

➢ **<u>ફરીયાદપક્ષે પુરાવાર કરવાના ગુનાના આવશ્યક તત્વો:</u>**

(૧૩) હવે ઉપરોકત હકીકત સંબધે પડેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા આ તબકકે ઇ.પી.કો.ની કલમ–૩૦૦ ની જોગવાઇમાં જે સાપરાધ મનુષ્યવધ જે ખુન ગણાય અને જે ખુન ન ગણાય તે અંગે પ્રાથમીક કાયદાકીય ચર્ચા કરવાની થાય છે. આરોપીઓ સામે ખુનનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નિ:શકપણે નીચે મુજબની હકીકત પુરવાર કરવાની થાય છે.

૧. સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો હોય,

૨.આરોપીએ કોઇ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યુ હોય,

૩. જે કારણે ભોગબનનારનુ મૃત્યુ નિપજયુ હોય,

૪. આરોપીએ કરેલ કૃત્યુ–મૃત્યુ નિપજાવવાના ઇરાદાથી કર્યુ હોય,

અથવા

– આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાનિ પહોચી છે તેનુ મૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરીક હાનિ પહોચાડવાના ઇરાદાથી કર્યુ હોય, અથવા

– શારીરીક હાનિ પહોચાડવાના ઇરાદાથી કર્યુ હોય તથા જે ઇજા પહોચાડવા ધારી હોય તે ઇજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય, અથવા

કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે કૃત્ય તત્કાલીક એવું ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરીક ઇજાના કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઇજા પહોચાડવા માટેનુ જોખમ લેવા માટેના કોઇ જ કારણ વગર કૃત્ય કરવામા આવ્યું હોય.

૫. કરવામાં આવેલું કૃત્ય કલમ–૩૦૦ માં આપવામા આવેલ પાંચ પૈકી કોઇ અપવાદમાં અથવા પ્રકરણ–૪ ના સામાન્ય અપવાદમા પડતુ ન હોય.

ઇન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત સમક્ષ ખુનનો મુકદમો ચાલે

ત્યારે આરોપીનું કૃત્ય ખુન છે કે કેમ ? તે નકકી કરવાનો પ્રશ્ન હંમેશા આવે છે. તેમાં કયારેક તેવો  સાપરાધ મનુષ્ય વધ ખુન ગણાય કે કેમ ? તે પ્રશ્ન અત્યંત પેચીદો અને જટીલ બની જાય છે. આ બાબત નકકી કરવમાં સાહેદો, તબીબી પુરાવો, નિષ્ણાંતોનો અભિપ્રાય વિગેરે વિવિધ પાસા ભાગ ભજવે છે તથા મહત્વની બાબત ગુનો કરનારની માનસીક પ્રક્રિયા હોય છે. મનુષ્યવધના કિસ્સામાં નીચે મુજબના ક્રમે ચર્ચા તર્ક સંગત ગણાશે–

૧. અદાલતે પ્રથમ એ નકકી કરવાનુ છે કે મૃત્યુ કુદરતી છે, આત્મહત્યા છે, અકસ્માત છે કે મનુષ્યવધનો કિસ્સો છે.

૨. એ કિસ્સો મનુષ્યવધનો જણાય તો કલમ–૨૯૯ નાં તત્વો પ્રમાણે તે મનુષ્યવધ છે કે કેમ ?

૩. ત્યારપછીના તબકકે એ બાબત પર લક્ષ કેન્દ્રીત કરવાનું રહે છે કે કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઇ પ્રકારમા આરોપીનુ કૃત્ય આવે છે કે કેમ ?

૪. જો આરોપીનુ કૃત્ય કલમ–૩૦૦ મા દર્શાવેલ ચાર પૈકી કોઇ પ્રકારમાં પડતુ હોય તો તે કલમ–૩૦૦ મા દર્શાવેલા પાંચ પૈકી કોઇ અપવાદમા અથવા પ્રકરણ–૪ ના સામાન્ય અપવાદો પૈકી કોઇ અપવાદમા આરોપીનુ કૃત્ય આવે છે કે કેમ ?

૫. આરોપીનુ કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ ચાર પૈકી કોઇ એક પ્રકારમાં પડતુ હોય તથા કલમ–૩૦૦ મા દર્શાવેલા પૈકી અપવાદમા અથવા પ્રકરણ–૪ ના કોઇ સામાન્ય અપવાદમા પડતુ ન હોય તો તે સાપરાધ મનુષ્યવધ નિશ્ચતપણે ખુન ગણાય તથા કલમ–૩૦૨ના પ્રબંધ મુજબ સજા થાય.

૬. કલમ–૩૦૦ માં દર્શાવેલા ચાર પૈકી કોઇપણ પ્રકારમાં આરોપીનુ કૃત્ય પડતુ હોય તથા તેવુ કૃત્ય કલમ–૩૦૦ મા દર્શાવેલા પાંચ પૈકી કોઇ અપવાદમા પડતુ હોય ત્યારે અપવાદના કારણે તે સાપરાધ મનુષ્યવધ નહિ તથા કલમ–૩૦૪ ના પુર્વાધ મુજબ સજા કરી શકાય.

૭. કલમ–૩૦૦ માં દર્શાવેલા ચાર પૈકી કોઇપણ પ્રકારમાં આરોપીનુ કૃત્ય પડતુ ન હોય તો અપવાદ વિષે વિચારવાનો પ્રશ્ન રહેતો જ નથી, પરંતુ તેમ છતા તે સાપરાધ મનુષ્યવધ ગણાય ત્યારે કલમ–૩૦૪ ના મુજબ સજા કરી શકાય.

૮. કયારેક મનુષ્ય વધ હોય, અપરાધનુ તત્વ હોય, છતાં કલમ–૨૯૯ ના તત્વો સંતોષાતા ન હોય ત્યારે વ્યથા કે મહાવ્યથા ગણી તે મુજબ સજા થઇ શકે, જે પ્રત્યેક કેસના આગવા સંજોગો ઉપર આધારીત છે

માનવીનું મૃત્યુ અનેક કારણસર નિપજે છે. મૃત્યુ કુદરતી કારણોસર થાય, અકસ્માતના કારણે નિપજી શકે. બેદકારીપુર્વકના કૃત્યને કારણે નિપજે આત્મહત્યા કિસ્સો હોઇ શકે, મનુષ્યવધના કારણે થયુ હોય તથા સાપરાધ મનુષ્યવધ પણ કારણરુપ હોય ફરિયાદ પક્ષે પ્રથમ તે બાબત પુરવાર કરવાની રહે કે મૃત્યુ મનુષ્યવધના કારણે (homicidal death) થયુ છે. ત્યારબાદ એ પુરવાર કરવાનુ રહે છે કે, મનુષ્યવધ સાપરાધ મનુષ્ય વધ છે. સાપરાધ મનુષ્યવધ આંતરીક અથવા બાહ્ય ઇજાના કારણે નિપજી શકે. બાહ્ય ઇજાના કારણે થતી આંતરીક ઇજાથી નીપજી શકે, શરીરના મહત્વના માર્મીક (Vital organ) અવયવ ની ક્રિયાશીલતા ને ઘાતક અસર પહોચાડવાથી મૃત્યુ નિપજી શકે. આ ઘાતક અસર તેવા અવયવની ક્રિયાશીલતા અટકાવે અથવા ઘટાડે જે કારણે મૃત્યુ નિપજી શકે. કલમ–૨૯૯ માં સાપરાધ મનુષ્યવધ ની વ્યાખ્યા દર્શાવે છે કે, મનુષ્યવધ સાપરાધ મનુષ્યવધ પુરવાર કર્યા બાદ તેવો સાપરાધ મનુષ્યવધ ખુન ગણાય કે કેમ ? તે પુરવાર કરવાનું રહે છે. કલમ–૩૦૦ માં ખુનની વ્યાખ્યા કરવામાં આવી છે. ફરીયાદપક્ષે કલમ–૩૦૦ માં દર્શાવેલા ચાર પૈકી કોઇ એક પ્રકાર પુરવાર કરવાનો રહે છે. ત્યારે કલમ–૩૦૦ માં જે ચાર પ્રકાર દર્શાવેલા છે. તે નીચે મુજબ છે.

૧. જે કૃત્યથી મૃત્યુ નિપજાવ્યુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના

ઈરાદાથી કરેલ હોય અથવા

૨. જો ગુનેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોચે તેનુ મૃત્યુ નિપજાવવામાં સંબંધ છે અને તેવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય.

અથવા

૩. જો કોઈ વ્યકિતને શારીરીક ઈજા પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અને શારીરીક ઈજા પહોચાડવા ધાર્યુ હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હોય.

અથવા

૪. જો કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે તેવુ તાત્કાલીન ભયજનક કૃત્ય છે તે તમામ શકયતા વચ્ચે મૃત્યુ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોચાડવા માટેની જોખમ લેવા કોઈ જ કારણ વગર તે કૃત્યુ કર્યુ હોય.

ઉપરોકત ચાર પૈકી એક પ્રકાર મુજબનુ કૃત્ય કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલી છે અને પુરાવાની માત્રા, પુરાવાની ગુણવત્તા, તે કક્ષાની હોવી જોઈએ કે ગુનો નિ:શકપણે તમામ શંકાથી પર પુરવાર થાય, વધુમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને બોજો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. વધુમાં ઉપરોકત બાબત પુરવાર થયા બાદ જો આરોપીનો બચાવ એવો હોય કે તેનું કૃત્ય કલમ–૩૦૦ દર્શાવેલ પાંચ પૈકી કોઈ એક અથવા વધારે અપવાદમાં અથવા પ્રકરણ –૪ માં દર્શાવેલ સામાન્ય અપવાદમાં પડે છે તો તે પુરવાર કરવા માટેનો બોજો આરોપી ઉપર છે.

આ સંદર્ભે પણ ભારતીય પુરાવા અધિનિયમ –૧૮૭૨ ની કલમ–૧૦૫ ની જોગવાઈ મુજબ આરોપી ઉપર બોજો હોય છે.

અપવાદનો કિસ્સો પડતો નથી તેવો નકારાત્મક બોજો ફરીયાદપક્ષ ઉપર હોતો નથી તથા ઇન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતે એવુ અનુમાન કરવાનુ રહે છે કે અપવાદ મુજબના સંજોગો ન હતા તથા આરોપીએ તેવા અનુમાનનુ ખંડન કરવાનુ હોય છે. વધુમા આરોપી ઉપર પણ તે અનુમાન ખંડન કરવા માટેનો બોજો ફરીયાદપક્ષ જેટલો નિ:શંકપણેના સિધ્ધાત મુજબનો હોતો નથી પરંતુ આરોપીએ માત્ર એક સંભાવના, શકયતા દર્શાવવાની રહેતી હોય છે અને ફરીયાદપક્ષના કેસ સામે એક પ્રશ્ન ઉભો કરવાનો હોય છે.

**<u>મુદા નં. ૧ ના નિર્ણય માટે ફરીયાદપક્ષના સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન:</u>**

(૧૪) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધના આંક-૦૪ ના તહોમતનામા મુજબના ગુન્હાની હકીકતો પુરવાર કરવા માટે કુલ -૧૧ સાહેદોને તપાસવામાં આવેલા છે.

(૧૫) આ કામે મુદ્દા નં.૧ મરણજનાર અણદાભાઈ હોનાભાઈ ગમારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધુ છે કે કેમ? તે અંગે ફરિયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો, મરણજનારને ઈજાની સારવાર કરનાર તબીબ સાહેદ નં.૧ ડો.સારીકા ગૌતમભાઇ અધિકારીને આંક-૬ થી તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, દર્દી નામે અણદાભાઇ હોનાભાઇ ગમારને તારીખ ૨૧/૩/૨૪ ના રોજ તેમની પાસે સારવાર માટે લાવેલા અને તેમનો ઓપીડી કેસ કઢાવેલ જે આંક-૭ થી રજુ થયેલ છે તેમજ મરણજનારને બનાવ અંગે પુછતા તેઓની સાથે આવેલ તેના સબંધીએ જણાવેલ કે દર્દીને પથ્થર વડે તેમના પુત્ર એ પેટ ઉપર તથા છાતીના ઉપર અને આખા શરીરે મારેલ છે અને દર્દીને તપાસતા દર્દીના બહારના ભાગે કોઇ ઇજાના નિશાન જણાયેલ નહી તેમજ દર્દીને જમણી બાજુ પેટના ભાગે સામાન્ય સોજો જણાયેલ અને સોનોગ્રાફી અને સર્જીકલ રેફરન્સ સારુ અને એકસપર્ટ ઓપીનીયન માટે રીફર કરેલ

અને દર્દીની સારવાર અંગેનુ સર્ટીફીકેટ તેમણે આપેલ જે આંક–૮ થી રજુ થયેલ છે. તેમા તેમની સહી અને હોદાનુ સીલ છે તે ઓળખી બતાવેલ છે અને સારવાર સર્ટી. મેળવવા બાબતે કરેલ યાદી આંક–૯ થી રજુ કરેલ છે જેમા ડો. ચિરાગ ભાટીયાની સહી ઓળખી બતાવેલ છે.

(૧૫.૧) ઉપરોકત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, દર્દી પોલીસ યાદી વગર આવેલા અને દર્દીના સગાઓએ દવાખાને આવતા પહેલા તેઓ પોલીસ સ્ટેશને જઇને આવેલ છે તેવુ તેમને જણાવેલ છે. તેમજ કબુલ કરેલ છે કે, તબીબી પ્રમાણપત્રમાં કોઇ બ્લીડીગ ઇન્જરી બતાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, દર્દીના આખા શરીરે લાલ, લીલા કે વાદળી ચકામા જણાયેલ નહી અને તેનો મેડીકલ સર્ટી. મા ઉલ્લેખ કરેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તેમણે સારવાર કર્યા બાદ દર્દી કયાં ગયા તેની તેમને ખબર નથી. તેમજ કબુલ કરેલ છે કે, દર્દીને તાત્કાલીક સારવાર આપવામા ના આવે તો સેપ્ટીસેમીયા થવાની શકયતા રહે છે. તેમજ કબુલ કરેલ છે કે કોઇ ઉંમર લાયક વ્યકિત છાતીના ભાગે ચતા પડે તો સર્ટી.મા જણાવેલી ઇજા નં.ર થવાની શકયતા રહે છે.

(૧૫.૨) હવે ઉપરોકત તબીબ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ઈજાપામનાર સાહેદને ઈજાની સારવાર આપેલ છે. પરંતુ, ઉલટતપાસની હકીકત ધ્યાને લેતાં, ઈજાપામનાર ધ્વારા ઇજાની હીસ્ટ્રી જણાવવામા આવેલ નથી. વધુમા સદર સાહેદની સરતપાસની હકીકત ધ્યાને લેતાં, બનાવ બાબતેની હીસ્ટ્રીમાં દર્દીને પથ્થર વડે તેમના પુત્રએ પેટ ઉપર અને છાતી ઉપર અને આખા શરીરે મારેલ છે તેમ જણાવેલ છે. પરંતુ ઈજાની હીસ્ટ્રીમાં હાલના આરોપીનુ નામ જણાવેલ નથી, વધુમાં, તબીબ સાહેદ ધ્વારા દર્દીને બહારના ભાગે કોઇ ઈજાના નિશાન જણાયેલ નહી તેમ જણાવેલ છે. તેમજ જમણી બાજુના પેટના ભાગે સામાન્ય

સોજો હતો તેમ જણાવેલ છે. તેમજ બચાવ પક્ષ તરફેની ઉ.ત.મા કબુલ કરેલ છે કે, દર્દીના આખા શરીરે લાલ, લીલા કે વાદળી ચકાકા જણાયેલ નહી તેમજ તબીબી પ્રમાણપત્રમા કોઇ બ્લીડીગ ઇન્જરી બતાવેલ નથી. આમ, ઉપરોકત તબીબ સાહેદના પુરાવા પરથી મરણજનારને શરીરે બાહય ભાગે કોઇ પણ ઇજાના નિશાન હોવાનુ પુરવાર થતુ નથી. તેમજ સદરહું ઈજાઓ ગંભીર પ્રકારની અને જો તાત્કાલીક સારવાર કરવામાં ન આવે તો જીવલેણ સાબીત થાય તેવી હોવા અંગે કોઇ જ અભિપ્રાય આ તબીબી સાહેદે તેમના પુરાવામાં આપેલ નથી.

(૧૬) ફરીયાદ પક્ષે સાહેદ નં.ર ડો.ચિરાગ દિલીપકુમાર ભાટીયાને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તારીખ :૨૨/૦૩/૨૦૨૪ના રોજ મૃતક અણદાભાઇ હોનાભાઇ ગમારને ધર્માભાઇ ભામાભાઇ ગમારનાઓ પી.એમ. કરાવવા સારુ તેમની પાસે આવતા તેઓએ ટેલીફોન વર્ધી થી ખેરોજ પોલીસ સ્ટેશનને જાણ કરેલ. ત્યારબાદ ખેરોજ પો.સ્ટે. થી પોલીસ તેમની હોસ્પીટલમા આવી અને લાશનુ પંચનામુ કરી મરણજનારનુ લાશનું પી.એમ. કરી કોઝ ઓફ ડેથનુ સર્ટી. આપવા બાબતે યાદી કરેલ. તેમજ મરણજનારના શબનુ તેમની હોસ્પીટલમા પી.એમ. નં.૩/૨૪ થી પી.એમ. કરેલ અને શબનુ બાહય પરીક્ષણ કરેલ અને શબના શરીર ઉપર બાહય ભાગે કોઇ તાજી ઇજાઓ જણાયેલ નહી. તેમજ કોઇ અસ્થીભંગ જણાયેલ નહી. તેમજ દર્દીના શબમાથી એફ.એસ.એલ. તપાસણી સારુ વિશેરા લેવામા આવેલા અને કરોડરજ્જુની તપાસ કરતા કોઇ ઇજા જણાયેલ નહી. તેમજ મરણજનારનું મૃત્યુ તેમના અભિપ્રાય મુજબ લીવર અને બરોળમા થયેલ ઇજાઓને કારણે વધુ લોહી વહી જવાના કારણે થયેલ હોવાનુ જણાયેલ અને એફ.એસ.એલ.ના રીપોર્ટના આધારે મૃત્યુનુ અંતીમ કારણ લીવર અને બરોળમા થયેલ ઇજાઓને કારણે થયેલ હોવાનુ જણાયેલ. તેમજ પી.એમ.નોટ

આંક–૧૧ થી, મરણોતર રીપોર્ટ આંક–૧૨ થી અને કોઝ ઓફ ડેથનુ સર્ટી. આંક–૧૪ થી રજુ કરેલ છે.

(૧૬.૧) ઉપરોકત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, તેમણે જે પી.એમ. કર્યુ તેમા બરોળ અને લીવરના ભાગે કોઇ પણ પ્રકારની બાહય ઈજાઓ દર્શાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે અણીદાર પથ્થર કોઇને મારવામા આવે તો તેને રકતસ્ત્રાવ થાચ તેવી ઈજાઓ થઇ શકે. તેમજ કબુલ કરેલ છે કે, પી.એમ.નોટના કોલમ નં.૯ માં ઈજાઓ કેટલી જુની હતી તે દર્શાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, જયારે મૃતકના શરીર ઉપર કોઈ બાહય ઈજાઓ જોવા મળેલ નથી ત્યારે કોલમ નં.૨૦ અને ૨૧ માં પેટેચીચલ હેમરેજ બતાવેલ છે તે અન્ય કારણો થી પણ થઇ શકે છે અને પેટેચીચલ હેમરેજ કેટલી માત્રામા હતુ તે પી.એમ.નોટમા દર્શાવેલ નથી.

(૧૬.૨) આમ, ઉપરોકત તબીબ સાહેદના પુરાવા પરથી મરણજનારની લાશનું પી.એમ. કરેલ હોવાની અને મરણજનારના શબનુ બાહય અને આંતરીક પરીક્ષણ કરેલ હોવાની અને મરણજનારનુ મૃત્યુ બરોળ અને લીવરમા થયેલ ઈજાઓના કારણે થયેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ, બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં, જયારે મૃતકના શરીર ઉપર કોઈ બાહય ઈજાઓ જોવા મળેલ નથી ત્યારે કોલમ નં.૨૦ અને ૨૧ માં પેટેચીચલ હેમરેજ બતાવેલ છે તે અન્ય કારણો થી પણ થઇ શકે છે અને પેટેચીચલ હેમરેજ કેટલી માત્રામા હતુ તે પી.એમ.નોટમા દર્શાવેલ નથી.

(૧૬.૩) આમ, ઉપરોકત તબીબ સાહેદોના પુરાવા પરથી ભોગબનનારની સૌ પ્રથમ શારીરીક તપાસ કરનાર તબીબ સાહેદ સારીકાબેન અને ત્યારબાદ મરણજનારની લાશનુ પી.એમ. કરનાર તબીબ સાહેદના પુરાવામાથી મરણજનારના શરીરના બાહય ભાગે ઈજાઓ જણાવેલ નથી તેમજ અસ્થીભંગ પણ જણાવેલ નથી. પરંતુ મરણજનારનુ મૃત્યુનુ કારણ બરોળ અને લીવર ઉપર ઈજાઓ થયેલ હોવાનુ

જણાવેલ છે. પરંતુ, પી.એમ. કરનાર તબીબ સાહેદની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેતાં, તેમણે જે પી.એમ. કર્યુ તેમા બરોળ અને લીવરના ભાગે કોઇ પણ પ્રકારની બાહ્ય ઈજાઓ દર્શાવેલ નથી. આમ, મરણજનારનુ મૃત્યુ તેમને પેટના ભાગે અને છાતીના ભાગે પથ્થર વાગવાથી બરોળ અને લીવરના ભાગે ઈજાઓ થયેલ હોય અને તેના કારણે મૃત્યુ થયેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો જોવામા આવે તો, ફરીયાદ પક્ષના આંક–૧૦ ના સાહેદ રાકેશ અણદાભાઇ તેમની આંક–૩૪ ની જુબાનીમાં તેમના બાપુજીને બનાવના દિવસે ઈજાઓ થયેલ તે દિવસે ઘરગથ્થું સારવાર કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે. તેમજ આંક–૨૦ થી તપાસવામા આવેલ સાહેદ તારીબેન તેમની જુબાનીમાં કબુલ કરેલ છે કે તેમના પતિ ઉંમર લાયક થઇ જવાથી તેઓની તબીયત નરમ ગરમ રહેતી હતી અને લાંબડીયા સારવાર ચાલતી હતી અને તેમને નશો કરવાની આદત હતી અને તેમને કહેવા છતાં છોડેલ નહી. તેમજ આ કામે ફરીયાદીના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી મીરખાન અણદાભાઇએ તેમની આંક–૧૮ ની જુબાનીમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તારીખ ૨૧/૩/૨૪ ના રોજ સાતેક વાગે સારૂ લાગતા લાંબડીયાથી બાઇક ઉપર પરત લાવેલા. વધુમા આ કામે આંક–૧૯ થી રજુ ફરીયાદની હકીકત વંચાણે લેતાં, ‘‘આ મારા પિતાજીને પથ્થર વાગવાથી તથા ગડદાપાટુનો મારના લીધે દુખાવો થતો હોઇ અમોએ ઘરગથ્થુ ઉપચાર કરેલ ત્યારબાદ રાત્રીના સમયે આ મારા પિતાજી સુઇ ગયેલ જેના બીજા દિવસે તા.૨૧/૩/૨૪ ના રોજ સવારના આશરે સાતેક વાગ્યાના સુમારે મારા પિતાજીને ફરીવાર શરીરે દુખાવો ઉપડતા હું તથા મારો ભાઇ વનરાજભાઇ મોટર સાયકલ ઉપર બેસાડી લાંબડીયા સરકારી હોસ્પીટલમા સારવાર કરાવવા સારુ લઇ ગયેલ અને ત્યાં હાજર ડોકટર શ્રીનાએ મારા પિતાજીની પ્રાથમિક સારવાર

કરી વધુ સારવાર સારૂ ખેડબ્રહમા ખાતે રીફર કરેલ પરંતુ તે વખતે મારા પિતાજીની તબીયત અમને સામાન્ય લાગતી હોઇ જેથી અમો તેઓને લઇને પરત ઘરે લઇ ગયેલા.'' આમ, આ હકીકતે સમગ્ર ફરીયાદ જોતાં બનાવ તારીખ ૨૦/૩/૨૪ ના રોજ સાંજના સાતેક વાગે બનેલાનુ ફરીયાદ હકીકત પરથી જણાય છે, તેમજ તે દિવસે ઈજા પામનારની ઘરગથ્થું સારવાર કરવામાં આવે છે અને બીજા દિવસે એટલે કે તારીખ ૨૧/૩/૨૪ ના રોજ સવારના સાતેક વાગે એટલે કે બનાવના બાર કલાક બાદ દુખાવો ઉપડતા સરકારી હોસ્પીટલમા સારવાર કરાવેલ અને સારવાર કર્યા બાદ તબીબ શ્રી એ તેઓને ખેડબ્રહમા વધુ સારવાર માટે લઈ જવાનું જણાવેલ હોવા છતાં તેઓને મરણજનારની તબીયત સામાન્ય લાગતા તેમના પિતાજીને પરત ઘરે લઈ આવેલાનુ જણાવેલ છે અને ૨૧ તારીખનો આખો દિવસ અને આખી રાત એટલે કે તારીખ ૨૨/૩/૨૪ ના રોજ સવારના પાંચ વાગે તેમના પિતાજીની તબીયત વધુ બગડતા સારવાર માટે લઈ જતા હતા તે અરસામાં તેના પિતાજીનુ મરણ થયેલ હોવાની હકીકત ફરીયાદ પરથી જણાઈ આવે છે. એટલે કે, ઈજા થયા બાદ સારવાર અંગેની કોઈ દરકાર લેવામા આવેલ નહી હોવાનુ અને પોલીસને બનાવ અંગે જાણ કરેલાનુ રેકર્ડ ઉપર આવતુ નથી. વધુમાં ૨૨ મી તારીખના રોજ સારવાર માટે લઈ જતા હતા ત્યારે મૃત્યુ પામતા ફરીયાદ કરેલાનુ જણાવેલ છે અને તારીખ ૨૨/૩/૨૪ ના રોજ કલાક ૨૦.૧૫ વાગે તેઓની ફરીયાદ હકીકત જાહેર કરેલ છે. આમ, ઈજા પામનારને ઈજા થઈ અને ત્યારબાદ તેઓ મરણ પામ્યા ત્યાં સુધી ઈજાપામનારની કોઈ યોગ્ય સારવાર કરાવવાની દરકાર કે તસ્દી ફરીયાદી કે સાહેદો ધ્વારા લેવામા આવેલ નથી કે બનાવની તાત્કાલીક જાણ સબંધીત પોલીસ સ્ટેશનમા પણ કરવામાં આવેલ નથી. આમ, ઈજા પામનારનુ મૃત્યુ ચોકકસ આરોપી ધ્વારા કરવામાં આવેલી ઈજાઓના કારણે જ થયેલાની હકીકત રેકર્ડ ઉપર પુરવાર થતી નથી. જેથી આ કામે

કલમ–૨૯૯ અને કલમ–૩૦૦ મુજબના ગુનાની ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતાં (૧) આરોપીના કૃત્યથી મૃત્યુ નિપજાવ્યુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કરેલ હોય અથવા (૨) આરોપીને તેવું જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોચે તેનુ મૃત્યુ નિપજાવવામાં સંબંધ છે અને તેવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય. અથવા (૩) મરણજનારને શારીરીક ઈજા પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અને શારીરીક ઈજા પહોચાડવા ધાર્યુ હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હોય અથવા (૪) આરોપીને જ્ઞાન હોય કે તે તેવુ તાત્કાલીન ભયજનક કૃત્ય છે તે તમામ શકયતા વચ્ચે મૃત્યુ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોચાડવા માટેની જોખમ લેવા કોઈ જ કારણ વગર તે કૃત્યુ કર્યુ હોય. તેવી હકીકતો ફરીયાદ પક્ષ તેમના ઉપરોકત રજુ પુરાવા પરથી મરણજનારનુ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય, મુદા નં.૧ નો નિર્ણય **"નકાર"** માં ઠરાવવામા આવે છે.

**<u>મુદા નં.૨</u>**

**(૧૭)** આમ, ઉપરોકત ચર્ચા અનુસંધાને મુદા નં.૧ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, સાહેદ નં.૩ ફરીયાદી મીરખાનભાઇ અણદાભાઈ ગમારને આંક–૧૮ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે બનાવ તારીખ ૨૦/૩/૨૪ ના રોજ બનેલ હતો અને બનાવ સમયે તેઓ ઘરે હતા અને તેના મોટાભાઈ નાગજીભાઈ તેના પિતા અણદાભાઈ સાથે બોલાચાલી કરતો હતો અને એવુ કહેતો હતો કે મારા ખેતરમા ઘઉં બરે (સુકાય) છે. તમો પાણી કેમ નથી આપતા તેમ કહી તેના બાપાને મારવા આવતો હતો તે વખતે તેની પત્ની વર્ષાબેન, તેનો દિકરો વિનોદભાઈ અને દિકરાની વહુ ડીબાબેન ત્યાં આવેલા અને તે

લોકોએ નાગજીભાઈને સમજાવીને ઘરે લઈ ગયેલા. તે વખતે તેના પિતા તેને કહેતા હતા કે તુ શુ કામ ખોટી માથાકુટ કરે છે તને પાણી તો આપીએ છીએ. તે વખતે ફરી નાગજીભાઈ દોડી તેના પિતા પાસે આવેલ અને તેણે છુટા પથ્થર તેના પિતાને મારેલા અને તેમા એક પથ્થર પેટ ઉપર મારેલો અને તે વખતે ઘરની વાડ બાજુ તેઓ ઉભા હતા અને જોતા હતા તે વખતે તેમના ઘરના દોડીને આવેલા અને નાગજીને ઘરે લઈ ગયેલા અને તેઓ તેમના બાપા પાસે ગયેલા અને તેના મમ્મી અને રાકેશભાઈ ત્યાં આવેલા અને તેના બાપાને ઉંચા કરી ખાટલા ઉપર મુકેલા અને રાત્રીનો સમય થઈ ગયેલો હતો અને જંગલમા રહેતા હોઈ સાધનની વ્યવસ્થા ન હોઈ ઘરગથ્થુ ઉપચાર કરેલો અને બીજા દિવસે સવારે વનરાજભાઈ ની બાઈક ઉપર બેસાડી તેઓ અને વનરાજભાઈ લાંબડીયા દવાખાને લઈ ગયેલા અને લાંબડીયાથી પાંચ વાગે ઘરે લઈ ગયેલા અને સાહેબે ખેડબ્રહમા લઈ જવાનુ કહેલ જેથી બીજા દિવસે સવારે ખેડબ્રહમા લઈ જવાના હતા જેથી બીજા દિવસે ફરી સારવાર માટે લઈ જતા હતા તે વખતે ડામર રોડ પાસે પહોચતા તેના બાપા એ બોલવાનુ બંધ કરી દીધેલુ અને તેના બાપા ઓફ થઈ ગયેલા. પછી ખેરોજ પોલીસને જાણ કરેલી અને પોલીસ આવી ગયેલ અને પોલીસે પંચનામુ કરેલુ અને પોલીસે લાંબડીયા સીવીલમા લઈ જવાનુ કહેતા સીવીલમા લઈ ગયેલા અને ડોકટરે પી.એમ. કરેલુ અને ત્યાં ડોકટરને પુછતા ડોકટરે કહેલુ કે તમારા બાપાને બરોળમા તથા લીવરમા ઈજાઓ થયેલ છે. બનાવની તેમણે ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક–૧૯ થી રજુ થયેલ છે. ફરીયાદ આપ્યા બાદ પોલીસ નાડા ગામે બનાવ બનેલ ત્યાં આવેલી અને તેમની હાજરીમા પોલીસે પંચનામુ કરેલુ અને તે વખતે સ્થળ ઉપર થી પથ્થર પોલીસે લીધેલા જે મુદામાલ પાવતી નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ પથ્થર બતાવતા સદર સાહેદ જણાવે છે કે પોલીસે પંચનામા વખતે તેમની હાજરીમા પથ્થર કબજે લીધેલ તે આ પથ્થર નથી આ બીજા

પથ્થર છે.

(૧૭.૧) ઉપરોકત ફરીયાદીની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, તેના ગુજરનાર પિતાની સાથે તેનો ભાઇ રાકેશ જે પરણેલો નથી તે, સેકન તેની પત્ની મનુબેન અને તેની માતા તારીબેન સાથે રહેતા હતા. બનાવના દિવસે સેકન અને તેના પત્ની ઘરે હતા નહી, રાકેશ અને તેની માતા ઘરે હતા અને ઘરની અંદર હતા અને બનાવ વખતે તેનો ભાઈ રાકેશ અને તેની માતા તારીબેન બુમાબુમ સાંભળી ઘરની બહાર આવેલા નહી. તેમજ કબુલ કરેલ છે કે મારા પિતાજીએ તને પાણી તો આપીએ છીએ તેવુ તેની ફરીયાદમા લખાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, બનાવના દિવસે નાગજીભાઇ એ અમને પકડીને માર્યા હોય કે અમે તેને મારેલ હોય તેવુ બનેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે બનાવના બીજા દિવસે ગામ લોકોને ખબર પડતા તેઓ ત્યા આવેલા. તેમજ કબુલ કરેલ છે કે તારીખ ૨૦/૩/૨૪ ના રોજના બનાવની જાણ કરવા ખેરોજ પોલીસ સ્ટેશને ગયેલા નથી. સાહેદ જણાવે છે કે ૨૧ તારીખે અમે ખેરોજ પોલીસ સ્ટેશને રીપોર્ટ આપેલો અને તેને પકડાવેલો. તેમજ કબુલ કરેલ છે કે ફરીયાદમા એવુ લખાવેલ કે તારીખ ૨૧/૩/૨૪ ના રોજ સાતેક વાગે મારા પિતાજીને સારુ લાગતા લાબડીયા થી બાઇક ઉપર ઘરે પરત લાવેલા. તેમજ કબુલ કરેલ છે કે ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી રાત્રીનો સમય થઇ ગયેલો અને જંગલમા રહેતા હોઈ સાધનની વ્યવસ્થા ન હોઈ તેવુ લખાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, તારીખ ૨૦-૨૧/૩/૨૪ ના રોજ તેના પિતાજીને સારુ લાગતા તેમને ઘરે લાવેલા ત્યારે તેઓ બોલી ચાલી શકતા હતા અને કબુલ કરેલ છે કે આ ફરીયાદ તેઓ બધા ભાઈઓ ચર્ચા કર્યા બાદ પછી આપવા ગયેલા.

(૧૭.૧) હવે ઉપરોકત ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો, સૌ પ્રથમ તો મરણજનારને આરોપી ધ્વારા તારીખ ૨૦/૩/૨૪ ના રોજ ઈજાઓ પહોચાડેલાનો આક્ષેપ છે અને મરણજનારની ઘરગથ્થું

સારવાર કરવામાં આવે છે. પરંતુ તે જ સમયે ફરીયાદી દ્વારા મરણજનારને આરોપીએ પહોચાડેલ ઈજાઓ બાબતે કોઇ જ કાનુની કાર્યવાહી કરવામાં આવતી નથી. વધુમાં ફરીયાદીની આંક-૧૯ ની ફરીયાદ ધ્યાને લેવામા આવે તો, "તમો કેમ મને વારા પ્રમાણે બોરનુ પાણી આપતા નથી?" તેમ કહી જોર જોરથી મારા પિતાજી સાથે બોલાચાલી કરતા હોઇ જે બોલાચાલીનો અવાજ હું મારા ઘરેથી સાંભળતો હોઇ જેથી હું મારા પિતાજીના ઘર બાજુ જતા મે જોયેલ તો આ નાગજીભાઇ મારા પિતાજી સાથે બોલાચાલી કરી ઝગડો તકરાર કરતા હોઇ જેથી આ નાગજીભાઇના પત્ની, દિકરો અને પુત્ર વધુ અવાજ સાંભળી તેના પિતાજીના ઘરે દોડી આવેલા અને આરોપી નાગજીને સમજાવીને ઘરે લઇ ગયેલા હોવાનુ જણાવે છે. પરંતુ સદરહું ફરીયાદમા જે આરોપીના પત્ની, દિકરો અને પુત્ર વધુની હકીકત જણાવેલ છે તેઓને તપાસ કરનાર અમલદાર દ્વારા કરવામાં આવેલ ચાર્જશીટમા સાહેદ તરીકે દર્શાવવામા આવેલ નથી. વધુમાં સદરહું હકીકત અનુસંધાને તપાસ કરનાર અમલદારની આંક-૩૬ની જુબાની દરમ્યાન બચાવ પક્ષ તરફેની ઉ.ત. ધ્યાને લેવામાં આવે તો તેમાં તેઓ કબુલ કરેલ છે કે, તેમણે ફરીયાદીના આજુબાજુના પાડોશીઓ તેમજ નાગજીની પત્ની, તથા તેમનો છોકરો અને તેની પત્નીના જવાબો લીધેલા નથી. આમ, બનાવ વખતે સૌ પ્રથમ જે સાહેદો હાજર હતા અને જેઓ આરોપીને સૌ પ્રથમ બનાવ વખતે પકડીને ઘરે લઇ જાય છે તે મહત્વના સાહેદોના નિવેદનો તપાસ કરનાર અમલદાર દ્વારા શા માટે લેવામા આવેલ નથી? તે બાબતે કોઇ જ ખુલાસો તપાસ કરનાર અમલદારે કરેલ નથી. વધુમાં ફરીયાદીના પુરાવા મુજબ આરોપી નાગજી દ્વારા મરણજનારને પેટના ભાગે અને છાતીના ભાગે ઈજાઓ પહોચાડેલ હોવાનો આક્ષેપ છે અને તે ઈજાઓના કારણે મરણજનારનુ મૃત્યુ થયેલ છે. પરંતુ ઉપરોકત મુદા નં.૧ માં કરેલ ચર્ચા ધ્યાને લેતાં મરણજનારના પેટ તેમજ છાતીના ભાગે ઈજાના કોઇ જ નિશાનો

તબીબ સાહેદોના પુરાવા ઉપર થી રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ તબીબ સાહેદની બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકત ધ્યાને લેવામાં આવે તો તેમા કબુલ કરેલ છે કે,તબીબી પ્રમાણપત્રમા બ્લીડીંગ ઈન્જરી બતાવેલ નથી તેમજ મરણજનારની લાશનુ પી.એમ. કરનાર તબીબ સાહેદની બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેવામા આવે તો તેમાં તે હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, અણીદાર પથ્થર કોઈને મારવામા આવે તો તેને રકતસ્ત્રાવ થાય તેવી ઈજાઓ થઇ શકે. પરંતુ, મરણજનાર ને આવી કોઇ ઈજાઓ હોવા બાબતેની કોઇ જ હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં મરણજનારની પત્નીની બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, મરણજનાર ઉંમર લાયક, નશો કરવાની ટેવવાળા હોવાની અને બીમાર હોવાની અને તે અંગેની સારવાર ચાલુ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં  મરણજનારની સૌ પ્રથમ સારવાર કરનાર તબીબ સાહેદ સારીકાબેન દ્વારા તેમની બચાવ પક્ષ તરફેની ઉ.ત. થકી એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, દર્દીના આખા શરીરે લાલ, લીલા કે વાદળી ચકામા જણાયેલ નથી. આમ, સદરહું હકીકત ધ્યાને લેતાં પણ આરોપી ધ્વારા મરણજનારને તેની જીંદગી તથા શારીરીક સલામતી જોખમમાં મુકાય તેવી રીતે બેદરકારી પુર્વક પથ્થરો વડે વ્યથા પહોચાડેલ હોવાની કોઇ જ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમાં આ તબકકે ફરીયાદીની સરતપાસ જોવામા આવે તો તેઓને બનાવવાળી જગ્યાએથી કબજે કરેલ મુદામાલ પથ્થર બતાવતાં પોલીસે પંચનામા વખતે તેમની હાજરીમાં જે પથ્થર કબજે લીધેલ તે પથ્થર નથી અને બીજા પથ્થર હોવાનું જણાવેલ છે. વધુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ જોવામાં આવે તો, બનાવ વાળી જગ્યાએથી પંદર ફુટ વીજળીના થાંભલા પાસેથી પથ્થરો કબજે લીધેલ હોવાનુ જણાઈ આવે છે. આમ, ફરીયાદીની ફરીયાદ હકીકતનો સમગ્ર ધટનાક્રમ ધ્યાને લેવામાં આવે તો આરોપીએ તેના

પિતાને પાણી નહીં આપવા બાબતે બોલાચાલી કરેલાનું અને તે બોલાચાલી ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ અને તે ઉગ્ર સ્વરૂપના આવેશમાં બનાવ બનેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ, મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ જે સાપરાધ મનુષ્ય વધના જે આવશ્યક તત્વો ટાંકવામાં આવેલ છે તેવા કોઈપણ તત્વો આ સમગ્ર ધટનાક્રમમાં રેકર્ડ ઉપર આવતાં નથી. તેમજ ફરીયાદી તબીબ સાહેદો, ત.ક.અમલદાર તેમજ બનાવવાળી જગ્યાના પંચનામાને એકીસાથે રાખી વંચાણે લેવામાં આવે તો જયારે ફરીયાદ આપનાર પોતેજ તેમના પિતાને મારવામાં આવેલ પથ્થરો ઓળખી શકતા ન હોય અને ફરીયાદ હકીકત મુજબ છુટા પથ્થરો મારેલાનું જણાવતાં હોય અને જો તે પથ્થરો બનાવવાળા સ્થળ ઉપરથી ૧૦ થી ૧૫ ફુટ દુર વિજળીના થાંભલા પાસેથી રીકવર કરવામાં આવેલ હોવાનું પંચનામાની હકીકતે જણાઈ આવતું હોય તો, તેમજ પથ્થર મારેલાની કોઇ જ ઈજા તબીબ સાહેદોના પુરાવા પરથી રેકર્ડ ઉપર આવતી ન હોય, તે સંજોગોમાં આરોપીએ મરણ જનારને પથ્થર મારી ઈજા પહોંચાડેલ અને તે ઈજાના કારણે મરણ જનારનું મુત્યુ નિપજેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૮) ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તારીબેન અણદાભાઈ ગમારને આંક-૨૦ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે બનાવ એક વર્ષ અગાઉ બનેલો અને બનાવ વખતે તેણી ઘરે હતી તે વખતે તેનો દિકરો નાગજી તેમના ઘરે આવેલ અને અમને જેવુ તેવુ બોલતો હતો અને તમને મારી નાખવા છે તેવુ કહેતો હતો અને કહેતો હતો કે મને પાણી આપતા નથી પણ મારો મોટો છોદકરો હતો તેને હું શુકામ પાણી ન આપુ મે તેને દખ(દુ:ખ) વેઠીને મોટો કરેલો. નાગજીએ મારા ઘરવાળાને પેટના ભાગે તથા છાતીના ભાગે બે પથ્થર મારેલા અને ગડદાપાટુ કરેલુ જેથી મારા ઘરવાળાને લાબડીયા સીવીલમા લઈને જતા હતા અને સારવાર કરાવી તેઓને ઘરે લાવેલા અને બીજા દિવસે સવારે દવાખાને લઈ જતા હતા તે

વખતે મારા ઘરવાળા મરણ ગયેલા અને મારા ઘરવાળા મરણ જતા નાગજી પો.સ્ટે. જતો રહેલો. નાગજી અમને બધાને મારી નાંખે તેવો છે. બનાવની ફરીયાદ થતા પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. સદર સાહેદને મુદામાલ પાવતી નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ વાળા પથ્થર બતાવતા આ પથ્થર એ જ પથ્થર છે જેના વડે મારા દિકરા નાગજીએ મારા પતિ અણદાને પેટના તથા છાતીના ભાગે મારેલા.

(૧૮.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, તેણી જે પથ્થર મારવાનુ કહે છે ત્યારે તેણી તેના પતિની બીલકુલ બાજુમા ઉભી હતી, તેમજ કબુલ કરેલ છે કે તેના દિકરા મીરખાને બાપા પડી ગયાની બુમ પાડેલ ત્યારે તેણી દોડીને આવેલી. તેમજ કબુલ કરેલ છે કે તેણીના બીજા છોકરાઓ વનરાજ અને સેકન ડ્રાઈવીંગ કરે છે અને રાકેશ અભ્યાસ કરે છે અને તેણીના ઘરનો વહીવટ તેનો મોટો દિકરો મીરખાન કરે છે. તેના દિકરા મીરખાન અને રાકેશનાએ તેના પતિ ઓચીંતા જમીન પર પડી જવાથી તેમને ઉભા કરીને ઘરે લઈ જઇને ખાટલામા સુવાડેલા. તેમજ કબુલ કરેલ છે કે, તેમને થયેલી ઈજાઓમા કોઈ લોહી નીકળેલ હતુ નહી. તેમજ કબુલ કરેલ છે કે તેના પતિને દવાખાનાથી ઘરે લાવ્યા બાદ ગામ ભાઈઓ ઘરે ખબર પુછવા આવેલા અને કબુલ કરેલ છે કે તેના પતિની ઉંમર લાયક થઇ જવાથી તેઓની તબીયત નરમગરમ રહેતી અને તેઓની લાંબડીયા સારવાર ચાલતી હતી અને તેના પતિને નશો કરવાની આદત હતી અને તેમને છોડી દેવાનુ કહેતા હતા છતા તેઓએ છોડેલ નહી. વધુમા સાહેદે કબુલ કરેલ છે કે, તેણે તેના પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ નથી કે, "નાગજી તેના ઘરે આવેલો અને તમને મારી નાખવા છે તેવુ કહેતો હતો તેમજ તેનો મોટો છોકરો છે હું કેમ તેને પાણી ના આપુ મે દર્દ વેઠીને મોટો કરેલ છે તેમજ મારા ઘરવાળા મરણ જતા નાગજી પોલીસ સ્ટેશને જતો રહેલો અને

નાગજી અમને બધાને મારી નાખે તેવો છે." તેમજ કબુલ કરેલ છે કે, તેના ઘરના આગળના ભાગની જમીન પથરાળ છે. તેમજ કબુલ કરેલ છે કે તેને બનાવની વાત વનરાજે કરેલી. તેમજ કબુલ કરેલ છે કે વનરાજ અને સેકને આ બનાવ જોયેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તેમના છોકરા અમરતે આ કેસમા સાક્ષી તરીકે રહેવાની ના પાડેલી. તેમજ કબુલ કરેલ છે કે તેના પતિની લાશના પંચનામા વખતે તેણી અને તેનો દિકરો મીરખાન ત્યાં હાજર હતા.

(૧૮.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો, બચાવ પક્ષ તરફેની ઉ.ત.માં કબુલ કરેલ છે કે, તેના દિકરા મીરખાને બાપા પડી ગયાની બુમ પાડેલ ત્યારે તેણી દોડીને આવેલી એટલે કે મીરખાને બુમ પાડયા બાદ બનાવ સ્થળે આવેલ છે જેથી આરોપીને પથ્થર મારતા જોયેલ હોવાની હકીકત અહી માનવા લાયક રહેતી નથી. તેમજ તબીબ સાહેદના પુરાવાની ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતાં મરણજનારને બરોડ તેમજ લીવરના ભાગે ઈજાઓ હોવાનુ જણાવેલ છે અને મરણજનારના શરીર ઉપર બાહય ઈજાના નિશાનો જણાવેલ નથી. વધુમાં ખુદ તારીબેનના પુરાવામાં કબુલ કરેલ હકીકત ધ્યાને લેતાં તેના પતિની ઉંમર થઇ જવાથી તેઓની તબીયત નરમગરમ રહેતી અને તેઓની લાબડીયા સારવાર ચાલતી હતી અને તેના પતિને નશો કરવાની આદત હતી અને તેમને છોડી દેવાનુ કહેતા હતા છતા તેઓએ છોડેલ નહી.

**(૧૯)** ફરીયાદ પક્ષે આંક–૨૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ નં.૫ ધર્માભાઈ ભામાભાઈ ગમારને આંક–૨૧ થી તેમજ સાહેદ નં.૬ પંચ બાલીયાભાઈ ગોપીભાઈ ગમારને આંક–૨૩ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, આજથી આશરે બે વર્ષ પહેલા લાંબડીયા સીવીલ હોસ્પીટલમા ગયેલા અને ત્યાં અણદાભાઈ હોનાભાઈ ગમારનાઓની લાશ સીવીલ હોસ્પીટલમા પડેલ હતી અને પોલીસે લાશનુ પંચનામુ કરવાનુ હોઈ

પંચમા રહેવા તેઓએ સ્વખુશી દર્શાવેલી અને તેમની હાજરીમા પોલીસે અણદાની લાશનુ પંચનામુ કરેલ અને ત્યા તે લાશ તેમના દિકરા મીરખાને ઓળખી બતાવેલ અને લાશનુ વર્ણન પંચનામાની વિગતે લખી લીધેલ અને ત્યારબાદ તેમને સહી કરવાનુ કહેતા તેમણે પંચનામામા તેઓની સહીઓ કરેલ હોવાનુ જણાવી સહી તેમજ અંગુઠો પંચનામામા ઓળખી બતાવેલ છે.

(૧૯.૧) ઉપરોકત પંચોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, અણદાજીની લાશનુ પંચનામુ થતુ હતુ ત્યારે તેના પત્ની અને પુત્રો ત્યાં હાજર હતા અને લાશનુ પંચનામુ શરુ થયુ ત્યાંથી પુરુ થયુ ત્યાં સુધી મરનારના ત્યાં હાજર સગાઓએ મરનારને કેવી રીતે ઈજા થયેલ તે પંચો કે ફોજદારે જણાવેલ નથી.

(૧૯.૨) હવે ઉપરોકત પંચોના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, આમ, ઉપરોકત પંચોના પુરાવા પરથી લાશનુ પંચનામુ થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ તબકકે બચાવ પક્ષે તેમની લેખીત દલીલમા તકરાર ઉપસ્થીત કરેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામુ થયુ ત્યારે અને પુરુ થયુ ત્યાં સુધી ત્યાં હાજર મરનારના સગાઓને તે મરનારને કે ફોજદારને જણાવેલ નથી કે તે જ દિવસે ફરીયાદ આપેલ નથી. તેમજ તેમની લેખિત દલીલના સમર્થનમાં ઉપરોકત ટાંકવામાં આવેલ ચુકાદાઓ પૈકિ **State of Gujarat V/s. Patel Mohan Mulji and another reported in 1994 CriLJ - 280.** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અન્વયે આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામા વખતે જયારે પંચનામુ લખાવનારને બનાવ હકિકતની જાણ હોય અને તે હકિકત પોલીસ સમક્ષ જાહેર ન કરે તો ફરિયાદ પક્ષનો કેસની ગંભીર નબળાઈ ભર્યુ ગણાય. વધુમાં તેમની લેખિત દલીલના સમર્થનમાં ઉપરોકત ટાંકવામાં આવેલ ચુકાદાઓ પૈકિ **Peddireddy Subbareddi and another V/s. State of Andhra Pradesh reported in 1991 Cri.LJ - 1392.** તેમજ **Rajveen and another V/s. State of Kerala reported in 2003 Cri.LJ - 1572.** માં પ્રસ્થાપિત

કરેલ સિધ્ધાંતો અન્વયે આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, બનાવ બન્યા બાદ બનાવની જાણ ગામ લોકો ને કરેલ નથી અને ફરિયાદ પણ મોડી નોંધાવવામાં આવેલ હોઈ, ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે. વધુમાં તેમની લેખિત દલીલના સમર્થનમાં ઉપરોકત ટાંકવામાં આવેલ ચુકાદાઓ પૈકિ **Khambam Raja Reddy & Anr V/s. Public Prosecutor, High Court of Andhra Pradesh reported in 2006(7) Supreme - 333.** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અન્વયે આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, મરણજનારને જે ઈજાઓ થયેલાનું જણાવેલછે તે મુજબની ઈજાઓ પી.એમ.નોટ મા જણાવેલ ઈજાઓ મુજબની ન હોઈ શંકા ઉપિસ્થત કરે છે. વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ મરણજનારને પથ્થરથી ઈજા કરવામાં આવેલ છે, તે અનુસંધાને જણાવેલ છે કે, જો શરીર ના કોઈ ભાગ ઉપર પથ્થર વાગવાથી ઈજા થયેલ હોય તો તે ભાગ ઉપર ચકામો કે ઉઝરડો હોય જે આ કિસ્સામાં ડોકટર સાહેદની જુબાનીથી રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં તેમની લેખિત દલીલના સમર્થનમાં ઉપરોકત ટાંકવામાં આવેલ ચુકાદાઓ પૈકિ **Hadu Hati V/s. State reported in 2015 Cr.LJ - 4383 (Orissa High Court).** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અન્વયે આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યાએથી પથ્થર મેળવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, સદર પથ્થર રીકવર કરવા અંગે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ-૨૭ મુજબનુ કોઈજ પંચનામુ કરવામાં આવેલ નથી. જેથી આરોપીએ જ મરણજનારને પથ્થરથી ઈજાઓ પહોંચાડેલાનું કરહી શકાય નહિ. આમ, અરોપી તરફે લેખિત દલીલના સમર્થનમાં ટાંકવામાં આવેલ ચુકાદાઓ મુજબ હાલના કેસમાં પણ ફરીયાદ મોડી નોંધવા બાબત, તેમજ ગામ લોકોને બનાવની જાણ નહિ કરેલ હોવા બાબત, તેમજ ઈન્કવેસ્ટ પંચનામા વખતે આરોપીનું નામ નહિ જણાવવા બાબત, તેમજ જે પથ્થર વડે ઈજા થયેલ તે પથ્થર અન્વયે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ-૨૭ મુજબ પંચનામુ

કરવામાં નહિ આવેલ હોવા બાબતની હકિકતો રેકર્ડ ઉપર આવતી હોઇ આરોપી તરફે તેમની લેખિત દલીલમાં કરેલ કથનો અને રજુ કરવામાં આવેલ સદર ચુકાદાઓ આરોપીના કેસની હકિકતો સાથે સુસંગત હોવાનુ અને આરોપીને મદદરૂપ થતા હોવાનુ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.

**(૨૦)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ પંચ લલ્લુભાઇ કસ્નાભાઇ ગમારને આંક-૨૪ થી તપાસવામા આવેલા છે તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે એકાદ વર્ષ પહેલા ખેરોજ પોલીસ સ્ટેશને પોલીસે બોલાવેલ અને ત્યાં મરણજનાર અણદાભાઇ સોનાભાઇ ગમારના કપડાનુ પંચનામુ કરવાનુ હોઇ પંચમા રહેવા સ્વખુશી દર્શાવેલી અને ત્યાં તેઓને મરનારના કપડા બતાવેલા જે કપડા તેમણે જોયેલા તે કપડામા એક કાળો પેન્ટ અને બીજુ એક સફેદ ખમીસ (શર્ટ) હતુ તે પંચનામુ કર્યુ અને તે પછી તેમને સહી કરવાનુ કહેતા તેમના અંગુઠાનુ નીશાન કરેલ હોવાનુ જણાવી પંચનામા પંચ તરીકેના અંગુઠાનુ નીશાન ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક-૨૫ થી રજુ થયેલ છે તેમજ મુદામાલ પાવતી નંબર ૧૯/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ વાળા કપડા બતાવતા પંચનામાની રુએ તેમની રુબરુમા કબજે લઇ સીલબંધ કરેલ હોવાનુ જણાવી ઓળખી બતાવે છે. તેમજ પંચ સ્લીપોમા સહી ઓળખી બતાવેલ છે જે પંચ સ્લીપો આંક-૨૬ અને ૨૭ થી રજુ થયેલ છે.

(૨૦.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, ફરીયાદી તેમની જોડે આવેલ છે અને ખેરોજ પોલીસ સ્ટેશને તેઓ મીરખાન સાથે ગયેલ. તેમજ કબુલ કરેલ છે કે પોલીસ સ્ટેશને ગયા ત્યારે પોલીસે પંચનામુ તૈયાર કરેલુ અને પોલીસે તેમને પુછેલુ કે પંચમા રહેવા તૈયાર છો એટલે તેમણે હા પાડેલી. તેમજ કબુલ કરેલ છે કે પોલીસે કપડા થેલામા નાંખી પેક કરેલા અને પોલીસે જે સ્લીપોમા અંગુઠા લીધેલ તે સ્લીપોનુ શુ કરેલ તેની તેમને ખબર નથી.

(૨૦.૨) હવે ઉપરોકત પંચના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતો પુરવાર થાય છે.

**(૨૧)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ બાબુભાઈ રામજીભાઈ ગમારને આંક-૨૮ થી તેમજ સાહેદ નં.૯ રાજુભાઈ ભુરાભાઈ ગમારને આંક-૩૨ થી સોગંદ ઉપર તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે આજથી આશરે એકાદ વર્ષ અગાઉ ૨૩ માર્ચના રોજ નાડા ગામે અણદાભાઈ સોનાભાઈના ઘરે પોલીસવાળાએ બોલાવેલા અને સહી કરવાની છે તેવુ કીધેલુ. આ સિવાય બીજુ કઈ જણાવેલ નહી અને તેઓના કહેવાથી તેમણે લખેલા કાગળમા સહી કરી આપેલી. તેમા શું લખાણ લખેલ હતુ તે તેમણે વાચેલ નહી કે તેમને વાંચી સંભળાવેલ નહી. પોલીસે તેમને કોઈ ગુનાવાળી જગ્યાએ બોલાવેલ હોય અને તે જગ્યાનુ વિગતવારનુ વર્ણન પંચનામામા લખેલ હોય કે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. તેમજ આ કામે મુદામાલ પાવતી નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ ના પથ્થર સાહેદને બતાવતા પોલીસે પંચનામા વખતે તેમની હાજરીમા કબજે લઈ સીલબંધ કરેલ હોય તેવુ બનેલ નહી. આમ, સદર પંચો આક-૨૯ ના પંચનામા અને આંક-૩૦, ૩૧ ની પંચ સ્લીપોમા સહી સિવાય અન્ય કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૧.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે મરણજનાર અણદાજીના ઘરની સામે ૧૫ ફુટ દુર એક ઈલેકટ્રીક થાંભલો આવેલો છે એ જગ્યા પથરાળ જગ્યા છે. તેમજ કબુલ કરેલ છે કે તે દિવસે પોલીસ આવેલી અને લખેલા પંચનામામા સહી કરવાનુ પુછતા તેમણે સહી કરવાની હા પાડેલી

અને કોરી સ્લીપોમા સહી લીધા બાદ પોલીસે શુ કર્યુ તેની તેમને ખબર નથી.

(૨૧.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૨)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૦ રાકેશભાઈ અણદાભાઈ ગમારને આંક–૩૪ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ અગાઉ બનેલ, બનાવ સમયે તેણી અને તેના ઘરના તેના મમ્મી, પપ્પા અને ભાભી ઘરે હતા. તે વખતે નાડા ગામે નાગજી તેના ઘરે રહી બુમાબુમ કરતો હતો અને ગાળો બોલી કહેતો હતો અને પાણી બાબતે બુમાબુમ કરતો હતો. જેથી તેના પપ્પાને ઘરમા લઈ ગયા હતા અને પછી તેના પપ્પા પેશાબ કરવા ઘરની બહાર આવેલા તે વખતે નાગજીએ તેના પપ્પાને પેટ ઉપર બે પથ્થર મારેલા જેથી તેના પપ્પા પડી ગયેલા જેથી તેના પપ્પાને ઘર ગથ્થુ સારવાર કરેલી અને સવારે લાંબડીયા સીવીલ હોસ્પીટલે લઈ ગયેલા અને ઓછુ લાગતા ઘરે લઈને આવેલા અને બીજા દિવસે ફરી ખેડબ્રહમા લઈ જવા નીકળેલા તે વખતે ડામર રોડ પાસે તેના પિતા મરણ ગયેલા અને પોલીસ આવેલી અને પી.એમ. કરવા લાંબડીયા દવાખાને લઈ ગયેલા અને પી.એમ.માં ખબર પડેલ કે તેના પપ્પાને પથ્થર વાગવાથી ઈજા થયેલી હતી. બનાવની ફરીયાદ મીરખાનભાઈએ આપેલી અને પોલીસે તેમનો જવાબ લીધેલો.

(૨૨.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, નિવેદનમા મારા પિતા સાથે બોલાચાલી કરતા હોવાનુ લખાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે મારા મોટાભાઈ મીરખાને મારા મમ્મી નો જે જવાબ લખાવેલ તે રીતે મારો પણ જવાબ લખાવેલ. બનાવના દિવસે મારો ભાઈ શેકન ઘરે હતો નહી

અને રાજસ્થાન બાલોતરા ગામે તેની ફેમીલી સાથે રહેતો હતો. તેમજ કબુલ કરેલ છે કે, તેના ઘરની ચોપાડ છોડીને ચાર ફુટ ઉંચી કાચી વાડ કરેલી છે, અને અંદર બહાર જવા માટે કટલુ મુકેલુ છે અને ઘરની ઉત્તર બાજુ વીસેક ફુટ દુર ઇલેકટ્રીક થાંભલો આવેલો છે અને તેના નજીક કુવો આવેલો છે અને તેમા ઇલેકટ્રીક મોટર મુકેલી છે. તેમજ કબુલ કરેલ છે કે તેના પિતાજીના શરીરમાથી લોહી નીકળતુ હોય અને કપડા ઉપર પડેલુ તેવુ બનેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે બનાવ પછી પોલીસ આવેલી ત્યારે નીચેથી જે પથ્થરો લીધેલા તેના પર લોહીના કોઇ ડાઘા હતા નહી.

(૨૨.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો, સદર સાહેદની કબુલ કર્યા મુજબ સદર સાહેદનો પોલીસ રૂબરૂનો જવાબ તેના મોટાભાઇ ધ્વારા લખાવેલ હોવાનું જણાવેલ છે. તેમજ તેના પોલીસ રૂબરૂના જવાબમાં જે હકીકતો લખાવેલ નથી તે કબુલ કરેલ છે.

**(૨૩)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ કિરણકુમાર બાબુભાઇ ખાંટ ને આંક-૩૬ થી તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે તારીખ ૨૨/૩/૨૪ ના રોજ ફરીયાદી મીરખાનભાઇ અણદાભાઇ ગમાર તેઓની ફરીયાદ લઇ તેમની સમક્ષ આવેલા અને તેના લખાવ્યા મુજબની ફરીયાદ ટાઇપ કરાવી ફરીયાદીની સહી મેળવેલ અને રુબરુ તરીકે તેમણે સહી કરેલ અને ગુનાની નોંધ એફ.આઇ.આર. રજીસ્ટરમા ફ.ગુ.ર.નં.૧૨૬/૨૦૨૪ થી કરેલ અને સુચીપત્ર તૈયાર કરેલ. જે આ કામે આંક-૩૭ થી રજુ થયેલ છે તેમા તેમની સહી અને હોદો ઓળખી બતાવેલ છે તેમજ ગુનાવાળી જગ્યા ફરીયાદીએ બતાવતા પંચો રૂબરૂ પંચનામુ કરેલ અને મરણજનારનુ ઇન્કવેસ્ટ ભરવા એકઝી.મેજી.પોશીનાને યાદી કરેલ તે આંક-૩૮ થી રજુ થયેલ છે તેમા સહી ઓળખી બતાવેલ છે તેમજ મરણજનારનુ લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ પંચો રૂબરૂ કરેલ અને પી.એમ. થયા બાદ લાશ પરના કપડા ડો.શ્રીએ અ.પો.કો.ધવલ

કુમારને સોંપતા તેનુ પંચો રૂબરૂ પંચનામુ કરેલ અને સાહેદોના નિવેદનો મેળવી આરોપીને અટક રી આરોપીના શરીર સ્થીતી અને બનાવ સમયે પહેરેલ કપડાનુ પંચો રૂબરૂ પંચનામુ કરેલ હોવાનુ જણાવી લાશ સોપ્યાની પાવતી આંક-૩૯ થી રજુ કરેલ છે. તપાસના કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સારુ તા.વિ.અધિ. ને યાદી કરેલ જે આંક-૪૧ થી રજુ કરેલ છે અને યાદી આધારે નકશો તૈયાર કરી તેઓને મોકલી આપેલ જે આંક-૪૨ થી રજુ કરેલ છે તેમજ મુદામાલ એફ.એસ.એલ.મા મોકલાવ્યાની રવાનગી નોંધો આંક-૪૩ થી ૪૫ સુધીની રજુ કરેલ છે તેમજ મુદામાલ એફ.એસ.એલ.મા મળ્યાની પહોચ આંક-૪૬ અને આંક-૪૭ થી રજુ કરેલ છે. તેમજ એફ.એસ.એલ.નો ઝેર શાસ્ત્ર વિભાગનો પત્ર અને અહેવાલ આંક-૪૮ થી અને બાયોલોજી તથા સીરોલોજી વિભાગનો અહેવાલ અને પત્ર આંક-૪૯ થી રજુ કરેલ છે અને બનાવ સમયે હથિયારબંધીનુ જાહેરનામુ અમલમા હતુ તે આંક-૫૦ થી રજુ કરેલ છે અને તપાસના કામે કબજે લીધેલ મુદામાલ ઓળખી બતાવેલ છે અને સ્ટેશન ડાયરીની નકલ આંક-૫૧ થી રજુ કરેલ છે.

(૨૩.૧) ઉપરોકત ત.ક.અમલદારની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલાત કરેલ છે કે આંક-૫૧ વાળી સ્ટેશન ડાયરી આજરોજ પ્રથમ વખત નામ.કોર્ટમા રજુ કરેલ છે. તેમને સરતપાસમા જણાવ્યા મુજબની તા.૨૨/૩/૨૪ ના રોજ પી.એચ.સી. લાંબડીયા ખાતેના ફરજ પરના ડો.શ્રીએ મરણજનાર ની જરુરી કાર્યવાહી તેમજ પી.એમ. કરાવવા સારુ વર્ધી લખાવેલ જે વર્ધી ફરજ પરના પી.એસ.ઓ.એ નોંધી લીધેલ તેમા મરણજનારને કોણે અને શેના વડે ઈજા કરવામા આવેલ તે જણાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે સાક્ષીઓના નોધેલા નિવેદનમા કોઇ પણ સાહેદે નાગજી અણદાના ઘરનો ઝાંપો ખોલીને અંદર આવેલાનુ જણાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તેમજ

ફરીયાદીના આજુબાજુના પાડોશીઓ તેમજ નાગજીની પત્ની વર્ષા તથા તેમનો છોકરો વિનોદ અને તેની પત્ની ડીબાના જવાબો લીધેલા નથી. તેમજ કબુલ કરેલ છે કે, ફરીયાદી મીરખાને તેની ફરીયાદમા કહેવાતો પથ્થરો સાચવી રાખેલાનુ લખાવેલ નથી. તેમજ તારીખ ૨૦/૩/૨૪ ના સાંજના ૭.૦૦ વાગ્યાના બનાવની તારીખ ૨૧/૩/૨૪ ના રોજ મીરખાને જાણ કરેલાનુ તેમની તપાસમા આવેલ નથી. તેમજ તારીખ ૨૧/૩/૨૪ ના રોજ નાગજીને અટક કરેલાનુ પણ બનેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તારીખ ૨૨/૩/૨૪ ના રોજ તેમણે લાશ જોયેલી. તેમજ કબુલ કરેલ છે કે, ઇન્કવેસ્ટ પંચનામા દરમ્યાન ફરીયાદી કે તેના સગાએ મરણજનાર ને કોણે કેવી રીતે ઈજા કરેલ તે જણાવેલ નથી. વધુમા કબુલ કરેલ છે કે રાકેશે તેના જવાબમા તેના બાપુજી ઘરની ચોપાડમા પેશાબ કરવા બેસેલાનુ લખાવેલ નથી અને કબુલ કરેલ છે કે ગુનાવાળી જગ્યાના પંચનામામાં અણદાભાઇના ઘરના આંગણાથી પંદર ફુટ દુર ઇલેકટ્રીક થાંભલો આવેલાનુ તપાસમા જણાવેલ. તેમજ કબુલ કરેલ છે કે આંક–૪૩ વાળા પત્રમા ઉપલા અધિકારીની સહી કરાવવામા આવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તારીખ ૨૩/૫/૨૪ ની રવાનગી નોંધમા અગાઉ જે મુદામાલ મોકલેલ તે મુદામાલની નોંધ કરવામા આવેલ છે. સાહેદ જણાવે છે કે જે સરખી નોંધની વાત કરે છે તે કોલમ નં.૭ ની નોંધ અલગ અલગ છે. તેમજ કબુલ કરેલ છે કે રવાનગી નોંધમા ઉપલા અમલદારનુ સત્તાનુ પ્રમાણપત્ર આપતા હોય છે. તેમજ કબુલ કરેલ છે કે જાહેરનામાની બહોળી પ્રસીધ્ધી કર્યા અંગેનો પુરાવો તપાસના કામે રજુ કરેલ નથી.

(૨૩.૨) હવે ઉપરોકત ત.ક.અમલદારના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, તેઓએ ગુનાની તપાસની કાર્યવાહી કરેલ છે. પરંતુ આ કામે જોવામાં આવે તો, પંચો રૂબરૂ જે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ છે તે પંચો ધ્વારા પંચનામાને સમર્થન કરેલ નથી.

(૨૪) હવે આ કામે ઉપરોકત ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની દલીલો, રેકર્ડ ઉપરનો પુરાવો અને તેની કરેલ ઉપરોકત ચર્ચા અને આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ઇ.પી.કોડની કલમ–૩૦૨, ૧૧૪ વિગેરે મુજબના ગુનાની કાયદાકીય જોગવાઇઓ વગેરે ધ્યાને લેતા તેમજ આ કામે મુદ્દા નં.૧ ફરીયાદ પક્ષ તેમની તરફેણમા પુરવાર કરવામા સફળ રહેલ નથી. જે તમામ હકીકતો અને ફરીયાદ પક્ષના ફરીયાદી સાહેદો, તથા તબીબ સાહેદોના પુરાવા અને એફ.એસ.એલ.ના પુરાવાને એક સાથે વંચાણે લેવામાં આવે તો, તબીબ સાહેદ સારીકાબેન ગૌતમભાઇ અધિકારીના પુરાવા મુજબ અણદાભાઇ હોનાભાઇ ગમારને સારવાર માટે લાવેલ હોવાની અને દર્દી સભાન અવસ્થામાં હોવાની અને તેમના પુત્ર એ પેટ ઉપર, આખા શરીરે અને છાતી ઉપર મારેલ છે તેમ હીસ્ટ્રી જણાવેલ છે. પરંતુ, ઇજાપામનાર ધ્વારા શેના વડે અથવા તો કેવી રીતે મારેલ છે તે બાબતે કોઇ હકીકત જણાવેલ નથી. વધુમા સદર તબીબ સાહેદ ધ્વારા તેમના પુરાવામાં દર્દીને બહારના ભાગે કોઇ ઇજાના નિશાન જણાયેલ નહી તેમ જણાવેલ છે. તેમજ બચાવ પક્ષ તરફેની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેતાં એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, દર્દીના આખા શરીરે લાલ, લીલા કે વાદળી ચકામા જણાયેલ નહી તેમજ એવી હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે કે, કોઇ ઉંમર લાયક વ્યકિત છાતીના ભાગે ચત્તા પડે તો ઇજા ન.ર થવાની શકયતા રહે છે. આમ, ઉપરોકત તબીબ સાહેદના પુરાવા પરથી ઇજાપામનાર અને ત્યારબાદ પાછળથી મરણજનાર અણદાભાઇ ને શરીરના બાહય ભાગે કોઇ ગંભીર ઇજાઓ હોવા બાબતેની કોઇ જ હકીકત તબીબ સાહેદના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં અણદાભાઇ હોનાભાઇ ગમાર ની લાશનુ પી.એમ. કરનાર તબીબ સાહેદ ચીરાગ દિલીપકુમારના પુરાવાને ધ્યાને લઇએ તો તેઓએ શબનુ બાહય પરીક્ષણ કરેલ અને ૬૭ વર્ષની ઉંમરના પુરુષનુ શબ હતુ અને સદર

શબના શરીર ઉપર બાહ્ય ભાગે કોઈ તાજી ઈજાઓ જણાયેલ નહી. તેમજ અસ્થીભગ જણાઇ આવેલ નહી અને ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. તેમજ કરોડરજજુની તપાસ કરતા કોઈ ઈજા જણાયેલ નહી. અને સદર તબીબ સાહેદના અભિપ્રાય મુજબ મરણજનારનુ મૃત્યુ લીવર અને બરોળમા થયેલ ઈજાઓને કારણે વધુ લોહી વહી જવાને કારણે થયેલ હોવાનુ જણાવેલ છે જે એફ.એસ.એલ.ના રીપોર્ટ આધારે જણાવેલ છે. આમ, લીવર તથા બરોળ કે શરીરના આંતરીક અવયવ છે. તેમજ સદર તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉ.ત. ધ્યાને લેતાં તેમાંથી એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, તેમણે જે પી.એમ. કર્યુ તેમા બરોળ અને લીવરના ભાગે કોઈ પણ પ્રકારની બાહ્ય ઈજાઓ દર્શાવેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે અણીદાર પથ્થર કોઇને મારવામા આવે તો આ તેને રકતસ્ત્રાવ થાય તેવી ઈજાઓ થઈ શકે. આમ, સદરહું ઉ.ત.ની હકીકતો ધ્યાને લેતાં પણ આ કામના મરણજનારના લીવર અને બરોળના ભાગે બાહ્ય ઈજાઓ હતી નહી અને રકતસ્ત્રાવ થાય તેવી પણ ઈજાઓ હતી નહી. જેથી પણ મરણજનારને શરીર ઉપર, પેટના ભાગે, બરોળ કે લીવરના ભાગે પથ્થર મારવાથી ઈજાઓ થયેલ હોવાની અને તે ઈજાઓના કારણે મરણજનારનુ મૃત્યુ થયેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષના ઉપરોકત ફરીયાદી સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે તેની હકીકતો ધ્યાને લેવામા આવે તો, ફરીયાદી ધ્વારા તેમની બચાવ પક્ષ તરફેની ઉ.ત.મા જણાવેલ છે કે, બનાવ વખતે મે મારી ફરીયાદમા જણાવ્યા મુજબના ઘરના સભ્યો તેની પત્ની વર્ષાબેન, તેનો દિકરો વિનોદભાઇ અને તેમના દિકરાની વહુ ડીબાબેન ત્યાં આવેલા આજુબાજુના લોકો આવેલા નહી અને કબુલ કરેલ છે કે તે લોકો આવેલા તયારે નાગજી તેના ઘરે જતો રહેલો અને બનાવ વખતે તેના પિતાની ઉંમર ૬૮ વર્ષની હતી. આમ, બનાવ વખતે સદર સાહેદો વર્ષાબેન,વિનોદભાઇ, ડીબાબેન બનાવ સ્થળે

ગયેલા છે તો તેઓના જવાબ તપાસ કરનાર અમલદાર ધ્વારા શા માટે લેવામા આવેલ નથી તે હકીકત અહી શંકાસ્પદ બની જાય છે. વધુમાં સદર ફરીયાદી ધ્વારા તેમના પુરાવામાં પોલીસે પંચનામા વખતે તેમની હાજરીમા પથ્થર કબજે લીધેલ તે આ પથ્થર નથી, આ બીજા પથ્થર છે તેમ જણાવે છે. જેથી પણ બનાવ વખતે આરોપી ધ્વારા કયા પથ્થર ધારણ કરવામાં આવેલા તે બાબતે કોઇ જ સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં ફરીયાદીના પુરાવા મુજબ તેના મમ્મી તારીબેન, તેના ભાઇ રાકેશભાઇ ત્યાં આવેલા અને તેઓ બધા તેના બાપાને ઉંચા કરીને ખાટલામા મુકેલા હોવાનુ જણાવે છે. જયારે બચાવ પક્ષ તરફેની ઉ.ત.માં એવી હકીકત કબુલ કરેલ છે કે, બનાવ સમયે રાકેશ અને મારી માતા તારીબેન હાજર ન હતા. તેમજ ફરીયાદ તેઓ બધા ભાઇઓ ચર્ચા કર્યા બાદ  આપવા ગયેલા હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદીના માતા અને મરણજનારના પત્ની તારીબેનના પુરાવાને ધ્યાને લેવામા આવે તો બનાવ વખતે તેણી તેના ઘરે હતી. આમ, ફરીયાદી, તારીબેન ઘરે નહી હોવાનું અને તારીબેન પોતે ઘરે હોવાનું જણાવે છે. આમ, મહત્વનો વિરોધાભાસ તારીબેનની બનાવ સ્થળે હાજરી બાબતે રેકર્ડ ઉપર આવે છે અને તે વિરોધાભાસ બાબતે ફરીયાદ પક્ષ કોઇ જ હકીકત રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદી તેમના પુરાવામાં મુ.પા.નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ પથ્થર સાહેદને બતવતા પોલીસે પંચનામા વખતે મારી હાજરીમા પથ્થર કબજે લીધેલ તે આ પથ્થર નથી તેમ જણાવે છે. જયારે સાહેદ તારીબેન ધ્વારા તેમના પુરાવામાં મુ.પા.નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ પથ્થર સાહેદને બતાવતા આ પથ્થર એ જ પથ્થર છે જેના વડે મારા દિકરા નાગજીએ મારા પતિ અણદાને પેટના અને છાતીના ભાગે મારેલા. આમ, ગુનામા વપરાયેલ પથ્થર બાબતે પણ ફરીયાદી અને ફરીયાદીના માતાના પુરાવામાં વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. વધુમાં સાહેદ તારીબેન

ની ઉ.ત.ની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, તેમા કબુલ કરેલ છે કે મારા પતિ ઉંમરલાયક થઇ જવાથી તેઓની તબીયત નરમગરમ રહેતી હતી અને તેઓની લાંબડીયા સારવાર ચાલતી હતી તેમજ કબુલ કરેલ છે કે તેના પતિને નશો કરવાની આદત હતી અને મે છોડી દેવાનુ કહેતા છતા તેઓએ છોડેલ નહી. વધુમા સાહેદ તારીબેન ધ્વારા તેમના પોલીસ રુબરુના જવાબમાં જે હકીકતો લખાવેલ નથી તેવી વધારાની હકીકતો તેમની સરતપાસમાં જણાવેલ છે અને તે હકીકત ઉ.ત.મા કબુલ કરેલ છે. વધુમાં સાહેદ રાકેશભાઇ અણદાભાઇ ગમારનાએ તેમના પુરાવામા તે વખતે નાગજીએ મારા પપ્પાને પેટ ઉપર બે પથ્થર મારેલા જેથી મારા પપ્પા પડી ગયેલા હોવાનું જણાવે છે. સદર અણદાભાઇને તાત્કાલીક સારવાર માટે લઇ જવામાં આવતા નથી અને બીજા દિવસે સવારે લઇ જવામાં આવે છે. આમ, ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવા પરથી આરોપી ધ્વારા મરણજનાર અણદાભાઇને પથ્થર મારેલ હોવાની અને તે પથ્થર ની ઈજાઓના કારણે મરણજનારનુ મૃત્યુ થયેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ હોય, મુદા નં.ર નો નિર્ણય " **નકાર** " માં ઠરાવવામા આવે છે.

**મુદા નં.૩**

(૨૫) વધુમાં આરોપી વિરૂધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આરોપ છે. ફરીયાદ પક્ષ તરફે તપાસવામા આવેલા સાહેદ નં.૧૧ ત.ક.અમલદાર કિરણકુમાર બાબુભાઈ ખાંટ ને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ સમયે અધિક જીલ્લા મેજી.શ્રી, સાબરકાંઠાનાઓનુ જી.પી.એકટની કલમ–૩૭(૧) મુજબનુ જાહેરનામુ અમલમા હોય તે જાહેરનામાની નકલ તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૫૦ થી રજુ કરેલ છે. તેમજ બચાવ પક્ષ તરફેની ઉ.ત.માં કબુલ કરેલ છે કે, જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કર્યાનો કોઇ પુરાવો તપાસના

કામે રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદી મીરખાનભાઇ અણદાભાઇ ગમાર ને આંક-૧૮ થી તપાસેલા છે. તેઓને જુબાની દરમ્યાન મુદામાલ પાવતી નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ પથ્થર બતાવતા જોઇને જણાવે છે કે પોલીસે પંચનામા વખતે તેમની હાજરીમા પથ્થર કબજે લીધેલ તે આ પથ્થર નથી આ બીજા પથ્થર છે. જયારે સદર ફરીયાદીની માતા અને મરણજનાર અણદાભાઇના પત્ની તારીબેનને મુદામાલ પાવતી નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ પથ્થર બતાવતા જોઇને જણાવે છે કે, આ પથ્થર એ જ પથ્થર છે જેના વડે મારા દિકરા નાગજીએ મારા પતિ અણદાના પેટના અને છાતીના ભાગે મારેલા. તેમજ ફરીયાદ પક્ષના સાહેદ નં.૮ બાબુભાઇ રામજીભાઇ ગમારને આંક-૨૮ થી તપાસેલા છે તેઓ આંક-૨૯ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ છે તેઓએ તેમના પુરાવામાં તેમને મુ.પા.નં.૨૧/૨૪ ના આર્ટીકલ નં.૧ અને ૨ પથ્થર બતાવતા જોઇને જણાવે છે કે પોલીસે પંચનામા વખતે તેમની હાજરીમા કોઇ પથ્થર કબજે લઇ સીલબંધ કરેલ હોય તેવુ બનેલ નથી જેથી તેઓ ઓળખી શકે નહી. આમ, સૌ પ્રથમ તો ગુનાના કામે પથ્થર પંચનામાની વિગતે કબજે લીધેલ હોવાની હકીકત જ અહી શંકારહીત પુરવાર થતી નથી. વધુમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૨૭ મુજબનું મુદામાલ પથ્થર રીકવર કર્યાનું કોઇ પંચનામુ તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ નથી અને ફરીયાદીના કહેવા મુજબ બનાવવાળી જગ્યાએથી દસ ફુટ દુર વીજ થાંભલા પાસેથી પથ્થર મેળવેલ છે. જે પથ્થર ખુદ ફરીયાદીએ તેમની સરતપાસમાં ઓળખી બતાવેલ નથી અને બીજા પથ્થર હોવાનુ જણાવે છે. વધુમાં, જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કર્યા બાબતનો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. જેથી બનાવ વખતે મે.જીલ્લા અધિ.મેજી.શ્રી નું જી.પી.એકટની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામુ બનાવ સમયે અમલમા હોવાનુ નિ:શંકપણે

ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.૩ નો નિર્ણય " **નકાર** " માં ઠરાવવામા આવે છે.

(૨૬) આમ, સમગ્ર પુરાવા અને કાયદાકીય જોગવાઈ તેમજ બંને પક્ષોની રજુઆત અને કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધના ઇ.પી.કોડની કલમ–૩૦૨, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાની હકીકતો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવેલ છે અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૩૫(૧) અન્વયે આરોપી નાગજીભાઇ અણદાભાઇ ગમાર, રહે.નાડા (બુજરા ફળો) તા.પોશીના, જી.સાબરકાંઠાનાઓને ભારતીય દંડ સંહીતાની ૧૮૬૦ ની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૩૩૭ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) મુદામાલ પાવતી નં.૧૯/૨૪, ૨૦/૨૪ અને મુદામાલ પાવતી નં.૨૧/૨૪ ના કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો અન્યથા અપીલ થયેથી અપીલ અદાલતના નિર્ણયને આધીન નિકાલ કરવો.

(૩) આરોપીએ ટ્રાયલ દરમ્યાન લીધેલ જામીન અને જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૪) ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ) અન્વયે જો સદર હુકમને કોઇ અપીલ ધ્વારા પડકારવામા આવે તો, તેવા પ્રસંગે આરોપીએ એપેલેટ કોર્ટ

સમક્ષ ઉપસ્થીત રહેશે તેવી ખાતરી માટે આરોપીએ રૂા.૧૫,૦૦૦/- અંકે રૂપિયા પંદર હજાર પુરાના જામીન અને તેટલી રકમના જાત મુચરકા આપવાના રહેશે.

(૫) આરોપી નાગજીભાઇ અણદાભાઇ ગમાર, રહે.નાડા (બુજરાફળો) તાલુકો-પોશીના, જિ.સાબરકાંઠાનાઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, જેલ મુકત કરવા ધોરણસર ચાદી કરવી.

હુકમ આજ તારીખ **૦૨જી** માહે **મે** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૨/૦૫/૨૦૨૬
સ્થળ : ઇડર

**એમ.વાય.રાધનપુરવાલા**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ
સાબરકાંઠા-ઇડર
કોડ નંબર જીજે૦૦૫૦૪

***TRIVEDI***